# બિસ્મિલ્લાહ - હીર - રહમા - નીર - રહીમ

અલ્લાહુમ્મા કુનલે વલીય્યેક હુજ્જતીબ'નીલ' હસન, સલવાતખોકા અલયહે વ અલા આબાહેઅી ફી હાઝેહીસ્સાઅ વ ફી કુલ્લે સાઆહ, વલીય્ય'ન વ હાફેઝન' વ કાએદન' વ નાસેરન' વ દીલીલન વ અયન, હત્તા તુસકેનહુ અરઝકા તૌઅહ' વ તોમત્તેઅહુ ફીહા તવીલા

પરવરદીગાર ! તારા વલી હુજ્જતબ્નીલ - હસન અલ - અસ્કરી (તેમના પર અને તેમના વંશજો પર સલવાત એ રહમત હજો)ને માટે હમણા અને હંમેશા માટે વલી , સંરક્ષક, મદદગાર, માર્ગદર્શક અને સંભાળ લેનાર બની જા. જેથી તેઓને તારી જમીન પર શાંતિપૂર્વક નિવાસ મળી જાય, અને તું તેમને લાંબા સમય સુધી સફળતાપૂર્વકની સમૃદ્ધતા અતા કરતો રહે.

બિસ્મિલ્લાહ હીર રહમાનીર રહીમ

માહે શઅબાન - માહે પયગમ્બર (સ.અ.વ.)

અસ્સલામો અલયક યા અબા અબ્દીલ્લાહીલ હુસયન બે અબી અન્ત વ ઉમ્મી અસ્સલમો અલયક યા સાહેબદ દઅવતીન નબવીય્ય. યા હુજતતબનલ હસન અજ્જલલ્લાહ તઆલા ફરજહ.

આ મહિનો બુદ્ધિ અને સમજણ, અંતઃકરણ, પ્રકૃતિ તથા ઇમાન અને અમલની જાગૃતિ, ખુશી અને પ્રસન્નતાઅનો તથા રસૂલે ખુદા હઝરત મોહમ્મદ બની અબ્દુલ્લાહ (સ.અ.વ.) નો મહિનો છ. આ એ મહિનો છે જેની ત્રીજી તારીખે શીયાઓના ત્રીજા ઇમામ સૈયદુશ્શોહદા હ. ઇમામ હુસૈન (અ.સ.) એ દુનિયામાં આંખ ખોલી અને આ જ મહિનાની પંદરમી તારીખે બારમા જાનશીને પયગમ્બર, ખુદાની હુજ્જત અને આપણા હાલના ઝમાનાના ઇમામની વિલાદત થઇ. બે માઅસુમ (અ.સ.) ની વિલાદતના બરકતભર્યા તથા ખુશી અને પ્રસન્નતાથી ભરપૂર પ્રસંગે અમે શીયાઓને - આલે મોહમ્મદની ખિદમતમાં મુબારબાદીનો હદીયો અને તોહફો રજુ કરીએ છીએ.

માહે શાઅબાનના આગમનની સાથે એક એવો બરકતભર્યો પ્રસંગ પ્રાપ્ત થાય છે જેમાં ઉમ્મીદે - જહાં, માલિક અને આકાએ ઝમા (અ.સ.) વિશે વધુમાં વધુ જાણકારી મેળવીને તેનો ઝીક્રે - ખૈર કરીએ.

શીયાઓને આલે - મોહમ્મદ (સ.અ.વ.) માટે, દરેક હાલમાં અને દરેક જગ્યાએ હુજ્જતે ખુદા (અ.ત.ફ.) નો ઉલ્લેખ ચાલુ રહે તેનથી વધુ સારી અને યોગ્ય બીજી કઇ વાત હોઇ શકે? હુજ્જતે ખુદા (અ.ત.ફ.) ના નામનું રટણ અને તેમની યાદ હંમેશા જાળવી રાખવી એ આપણા જીવનની જામીનગીરી અને ખુદાની રાહમાં અથાક પ્રયત્નો અને કોશિશો આપણી મુક્તિનો આધાર છે. હઝરત (અ.ત.ફ.) ની વિલાદતનો દિવસ એ માટે વધુ યોગ્ય છે, કારણ કે તે દિવસે બીજા દિવસોની સરખામણીમાં તેમનો ઝીક્ર વધુ થશે.

ઇન્શાઅલ્લાહ અમે આ સંક્ષિપ્ત સામયિકના માધ્યમથી આપણા સમાજના લોકોનું ધ્યાન આ પાયાના અને સંવેદનશીલ વિષય તરફ દોડવા માટે પ્રયત્નશીલ છીએ અને અમને આશા છે કે અમે તેમાં સફળ થાશું.

પયગમ્બરે ઇસ્લામ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) એ ફરમાવ્યું : ''મન માતા વલમ યઅ'રીફ' એમા ઝમાનેહી માત મીત - તલ જાહેલીય્યહ'' (ઉસૂલે કાફી) એટલે કે ''જ કોઇ પોતાના ઇમામે - વક્તને ઓળખ્યા વગર મૃત્યું પામે તો તેની મૌત જાહેલીયતની (અજ્ઞાનતાની) મૌત થશે.''

સુજ્ઞ વાચકો, આ ફઝીલતવાળા મહિનામાં અમો ઇમામે ઝમાં (અ.સ.) ના મુન્તઝીરની ખિદમતમાં જે કાંઇ રજુ કરી રહ્યા છીએ. તે ઇમામે ઝમાં (અ.સ.) ની યાદ અને પ્રેમની ઝળહળતી જ્યોત અને તેની વિલાયત આપણા દિલોમાં હંમેશા જીવંત રાખીશું તેવી આશા રાખીએ છીએ. ''અલ - મુન્તઝર'' (અજ.) મેળવવામાં અને વાંચવામાં આપને રસ છે કે કેમ તે જાણવા માટે અમે આપના પત્રોના ઇન્તેઝાર કરીએ છીએ અને આપને ખાત્રી આપીએ છીએ કે આપના અમૂલ્ય સૂચનો અને અભિપ્રાયનો પૂરેપૂરો ફાયદો ઉઠાવવા અમો પ્રયત્ન કરીશું.

ખુદાવંદે - આલમ આપણને બધાને ઇમામે - ઝમા (અ.સ.) ના ખિદમત ગુઝારોમાં શામીલ કરે.

- આમીન..........

પંદરમી શાઅબાનનો ચાંદ આસમાનને 'ખુદા - હાફીઝ' કરીને વિદાય થઇ રહ્યો હતો. થોડીવાર પછી ઐતિહાસિક શહેર સામર્રાના વાતાવરણમાંથી અંધકારના ઓળા દૂર થવા લાગ્યા. પરોઢિયાની ઠંડક અને પ્રકાશે રણની રેતી પર સિજદો કરવાનું શરૂ કર્યું. દજલાહના કાંપતા હોઠો પર શિતળ હવાએ હોઠ રાખી દીધા. એવું લાગતું હતું કે એ દિવસનું નૂરાની વાતાવરણ કોઇ વિશિષ્ઠ ચમત્કાર અને તેજસ્વને પોતાના પાલવમાં ભરી લેવા માગે છે. સૂર્યનું પહેલું સોનેરી કિરણ જ્યારે ક્ષિતિજની કાળી છાતી વીંધીને શહેરના ઘરોના પ્રવેશદ્વારોને ચમકાવવાની તૈયારીમાં જ હતું તેવામાં સામર્રાની મસ્જીદના મોઅઝઝીનનો અવાજ આ સુરેખ વાતાવરણની હવામાં ગુંજવા લાગ્યો.''અલ્લાહો - અકબર'' ખુદાની મહાનતા અને બુઝુર્ગીના સૂરો વહેવા લાગ્યા અલ્લાહો- અકબરનો અવાજ શહેરના ખૂણે - ખૂણામાં ગૂંજવા લાગ્યો. પ્રભાતના પ્રવેશદ્વારો ખુલવા લાગ્યા. એક મુબારક પ્રભાત, એક બરકતભર્યા દિવસ બીજા બધા દિવસોથી વિશિષ્ટ એવો મખસુસ દિવસ હતો.

અલ્લાહો - અકબરનો આવાઝ હજી કાનોમાં ગુંજી રહ્યો હતો. તેવામાં સામર્રાના ઐતિહાસિક શહેરમાં ઇમામ હસન અસ્કરી (અ.સ.) જેવા વાલીદ અને હઝરત નરજીસ ખાતૂન (અ.સ.) જેવી માતાની છત્રછાયામાં એક બાળકનું જમીન પર આગમન થયું. બાળકે આગમનની સાથે જ અલ્લાહની પ્રસંશાનું રટણ શરૂ કર્યું. સૂરજનું પૂર્વમાંથી આગમન થયું ન હતું તે પહેલાં જ બાળકે આંખો ખોલી જેથી પોતાની વિલાદતનો ઝળહળાટ સૂરજના હૃદય સોંરવો ઉતારી શકે.

ચારે બાજુ ખુશી અને આનંદના સૂરો સંભળાતા હોય તેવો ભાસ થવા લાગ્યો. માતાની આંખોમાં પ્રેમનાં અશ્રુ ચમકવા લાગ્યાં. પિતાએ હર્ષના આંસુ આંખોમાંથી હૃદય સોંસરવા ઉતારતા કહ્યું, ખુદાનો શુક્ર છે કે તેણે મને એટલી જીંદગીની નેઅમત આપી કે હું મારા વારસદારને મારી આંખોથી નિહાળી શકું. જે દેખાવ અને ચારિત્ર્યમાં પયગમ્બર અકરમ (સ.અ.વ.) થી સૌથી વધુ હુબહુ મળતા આવે છે. ખુદાએ અઝઝવજલ તેને ગૈબતના પરદામાં રાખશે. અને જ્યારે પરદામાંથી જાહેર કરશે ત્યારે જમીન જે રીતે જુલ્મો - સિતમથી ભરેલી હશે તેને અદલ - ઇન્સાફથી ભરી દેશે.

આમ, આ મહાન ઇમામ (અ.ત.ફ.) ની વિલાદત થઇ. તે સૌથી પવિત્ર ઘડી પંદરમી શાઅબાન હી. ૨૫૫ ની હતી.

યા અય્યોહલ અઝીઝો મસ્સના વ અહલનઝ - ઝુરરો વ જેઅના બે બેઝાઅતીન મુઝજેયહ.

(સુરએ યુસુફ : આયત ૮૮)

''અય અઝીઝ (ઝેહરા સ.અ.ના) અમને અને અમારા કટુંબને ઘણી તકલીફોનો સામનો છે અને અમે બહુજ થોડી પૂંજી લઇને આવ્યા છીએ.''

''અય અઝીઝે અબુ અબ્દુલ્લાહીલ હુસૈન (અ.સ.) (દુનિયાના) આ ભરપુર સમુદ્રમાં વચ્ચોવચ ફસાદપૂર્ણ ઝેરી વિચારોની ઊંચી લહેરોમાં ખુશી અને નજાતરૂપી અમારી હોડી તૂટી પડી છે અને હવે વેરવિખેર થવાની તૈયારીમાં છે. આવો ! જલ્દી આવો ! અને આ તૂટેલી હોડીને નજાતના કિનારા સુધી પહોંચાડો.''

હી. ૨૬૦માં ઇમામ હસન અસ્કરી (અ.સ.) ને જુલ્મી અને ખૂંખાર અબ્બાસી ખલીફા મોઅતમદે જે ઝેર આપ્યું તેનાથી આપ શહાદતનો દરજ્જો પામ્યા. આપની શહાદત પછી શીયાઆને - આલે મોહંમદ (અ.સ.) ની રાહબરી અને ઇમામત, આપના ફરઝંદ અને બારમા ઇમામ હ. મહેદી (અ.સ.) ના હાથમાં આવી. તેઓની ઇમામતનો કાળ બે ગૈબતમાં વહેંચાએલ છે. ગૈબતે સુગરા (નાની ગૈબત) અને ગૈબતે કુબરા (લાંબી મુદ્દતની ગૈબત)

(૧) ગૈબત - સુગરા

અગિયારમા ઇમામ (અ.સ.) ની શહાદત પછી બારમા ઇમામ (અ.સ.) એ આપની નમાઝે - જનાઝા પઢાવી. નમાઝે જનાઝા પઢાવ્યા પછી ખુદાએ અલીમની મસ્લેહતથી આપ લોકોની નજરોથી ગાયબ થઇ ગયા. આપની ગૈબતનું કારણ એ હતું કે એ જમાનાના કેટલાક લોકો ઇસ્લામી આદેશો, કુરઅમાની હુકમોને નુકસાન પહોંચાડવા માગતા હતા. એવા લોકો જે ઇમામ (અ.સ.) ના દુશ્મનો હતા એન આપને શહીદ કરી નાખવા માગતા હતા. તેમની નજરોથી દૂર સુરક્ષિત રાખવાનો ઇલાહી ઇરાદો હતો. રિવાયતો અને હદીસોથી જાણવા મળે છે કે ઇમામે ઝમાના (અ.સ.) લોકોની વચ્ચે રહે છે. તેમ છતાં લોકો આપને જોઇ કે ઓળખી શકતા નથી. જ્યારે આપે આપના વાલિદની નમાઝે - જનાઝા પઢી ત્યાર પછી તુરત જ આપનો ગૈબતે સુગરાના સમય શરૂ થઇ ગયો. એ ગૈબતનો યુગ લગભગ ૭૪ વર્ષ સુધી રહ્યો. આ યુગ દરમ્યાન ઇમામે ઝમાના (અ.સ.) એ પોતે ચાર આલીમોને નિયુક્ત કર્યા હતા. જે આપના પ્રતિનિધિ હતા અને એક પછી એક એમ ક્રમનુસાર આપના નાયબ તરીકે ફરજ બજાવતા રહ્યા. તેઓને 'નવ્વાબે - અરબાઅ' (ચાર નાયબ) કહેવામાં આવે છે. આ સમયગાળો દરમ્યાન લોકો પોતાની મુશ્કેલીઓ, સમસ્યાઓ અને પોતાના કામકાજને લગતા પ્રશ્નો આ નાયબો મારફત ઇમામે ઝમાના (અ.સ.) રજૂ કરી તેના જવાબ મેળવતા રહ્યા. ચાર નાયબોનો ક્રમ આ પ્રમાણે હતો.

(૧) ઉસ્માન બીન સઇદ અમ્રવી

(૨) મોહમ્મદ બીન ઉસ્માન બીન સઇદ અમ્રવી

(૩) હુસૈન બીન રોહ નૌબખતી અને

(૪) અલી બીન મોહમ્મદ સૈમુરી

હઝરત હુજ્જત (અજ.)ના અંતિમ નાયબે ખાસ અલી બીન સૈમુરીનો હી. ૩૨૯માં ઇન્તેકાલ થયો. લોકોની વિનંતી અને દરખાસ્ત તેઓ ઇમામે ઝમાના (અ.સ.) સુધી પહોંચાડતા હતા અને તે રીતે ઇમામ (અ.સ.) અને લોકો વચ્ચેની એક કડી સમાન હતા. તેમના ઇન્તકાલથી આ ક્રમ બંધ થઇ ગયો. જે સમયે ઇમામે ઝમાના (અ.સ.) લોકોની નજરોથી ગાયબ થયા ત્યારથી આપના ચોથા અને અંતિમ નાયબની વફાતના દિવસ સુધી ચારેય નાયબ મારફત ઇમામ (અ.સ.)ની સંપર્ક લોકો સાથે ચાલુ હતો. તે સમયગાળાને ''ગૈબતે સુગરા'' (નાની ગયબત) નો જમાનો કહેવાયો છે. આપના ચારેયનાયબ બગદાદમાં રહેતા હતા અને ચારેય નાયબની વફાત પણ બગદાદમાં જ થઇ હતી.

(૨) ગૈબતે - કુબરા : ઇમામે ઝમાના (અ.સ.) ના અંતિમ નાયબના ઇન્તકાલના છ દિવસ પહેલા તેઓને ઇમામ (અ.સ.) નો એક પત્ર મળ્યો. જેમાં કેટલીક ખાસ વાતો લખવામાં આવી હતી. અલી બીન મોહમ્મદ સૈમુરીને લખાયેલ તે પત્રનો સારાંશ નીચે મુજબ છે.

(૧) છ દિવસ પછી થનાર અલી બીન મોહમ્મદ સૈમુરીની વફાતની ખબર.

(૨) ઇમામ (અ.સ.) ના ખાસ નાયબ નીમવાનો ક્રમ પૂરો થવાની ખબર. એટલે કે ચોથા નાયબના ઇન્તકાલ પછી ઇમામ (અ.સ.) ના નાયબ તરીકે કોઇને નીમવામાં આવશે નહી.

(૩) ગૈબતે સુગરા પૂર્ણ થવાની ખબર અને ગૈબતે કુબરાનો સમય શરૂ થવાની ખબર. જેમાં જણાવ્યું હતું કે હવે પછીનો ગૈબતનો સમયગાળો ઇમામ (અ.સ.) ના કોઇ ખાસ પ્રતિનિધિ વગરનો રહેશો.

(૪) ગૈબતે - કુબરાનો હવે પછીનો સમયગાળો ખૂબ જ લાબો - અનિશ્ચિત મુદ્દતનો હોવાની ખબર

(૫) ઇમામે - ઝમાના (અ.સ.) નો ઝુહૂર અને આપ (અ.સ.) ની આખી દુનિયા પર હુકુમત કાયમ થવા પહેલા આખી દુનિયામાં જુલ્મો - સિતમ ફેલાઇ જશે અને દુનિયા અન્યાય અને અત્યાચારથી ભરપુર થઇ જશે.

(૬) ઇમામે મહદી (અ.સ.) નો ઝુહૂર તેમનો કયામ અને ઇન્કલાબ ખુદાના હુકમ પર આધારિત હશે.

(૭) જે કોઇ માણસ અલી બીન મોહમ્મદ સેમુરીની પછી પોતાને ઇમામ ઝમાં (અ.સ.) ના નાયેબ - ખાસ તરીકે ઓળખાવે તે જુઠ્ઠો હશે.

ઉપરની વિગત દર્શાવતો પત્ર મળ્યા બાદ છ દિવસ પછી ઇમામે - ઝમા (અ.સ.) ના નાયબની વફાત થઇ. આમ, ગૈબતે - સુગરા પૂરી થઇ અને ઇમામે ઝમાં (અ.સ.) ના નાયબે ખાસના મસાએલના જવાબ મેળવવા માટેના દ્વારા બંધ થયા. ગૈબતે - કુબરાનો જમાનો એટલે હઝરત મહદી (અ.સ.)ની ગૈબતની લાંબી જીંદગીનો જમાનો શરૂ થયો. તે દિવસથી લઇનેજ્યારે ખુદાનો હુકમ થશે, ઇમામ (અ.સ.) દુનિયામાં પરિવર્તન ઇન્કલાબનો જમાનો લાવશે. પોતાને જાહેર કરશે અને દુનિયાને અદલો - ઇન્સાફથી ભરી દેશે.

મોહતરમ વાચકો! જ્યારે ઇમામે ઝમાના (અ.સ.) ની ગૈબતે - સુગરાનો જમાનો જમાનો પૂરો થયો ત્યારે આપે ફરમાવ્યું હતું : ''મારા પછી હું મારો કોઇ ખાસ પ્રતિનિધી કે એલચી નિયુક્ત કરનાર નથી. આપ (અ.સ.) એ હુકમ આપ્યો કે મારી ગૈબતે અ કુબરાના જમાનામાં તકલીદનું સ્થાન આદીલ અને શરીઅતના સિદ્ધાંતોને એકઠા કરનાર ફકીહો, શરઇ મસાએલના જાણકાર સંભાળશે.તમે તેમનું અનુસરણ કરજો. કેમ કે, તેઓ તમારા પેશવા અને માર્ગદર્શક છે. હઝરત વલીએ - અસ્ર એ ઇસ્હાક બીન યાઅકુબને પત્રમાં ફરમાવ્યું : 'નવા - નવા મસાએલ, પ્રશ્નો, સંજોગો, પરિસ્થિતિ અને બનાવો બને ત્યારે અમારી હદીસો પ્રસ્તૃત કરનારાઓની સલાહ લેજો. કેમ કે, તેઓ તમારા માર્ગદર્શક અને તમારી ઉપર અમારી હુજ્જત (દલીલ - સાબિતી) છે મને હું તેમના પર ખુદા તરફથી નિયુક્ત હુજ્જત અને પેશવા છે.''

શીયાઓના છઠ્ઠા ઇમામ હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે : ''જે ફકીહો અને આલીમોમાં ચાર નિશાની જોવા મળે તેમની તકલીદ લોકોએ કરવી જોઇએ. અને તેમના હુકમો પ્રમાણે અમલ કરવો જરૂરી છે.''

(૧) ગુનાહો અને બૂરાઇઓથી દૂર રહેનાર.

(૨) પોતાના દીનની જાળવણી અને રક્ષણ કરનાર.

(૩) મનોઇચ્છા અને મનોવાસનાની તાબેદારી કરતો ન હોય અને તેના વિરૂદ્ધ જંગ કરતો હોય.

(૪) પોતાના મૌલા અને આકા ઇમામે ઝમાના (અ.સ.) ના હુકમોની તાબેદારી અને પૈરવી દીલોજાનથી કરતો હોય.

આ પછી સાદીકે આલે મોહમ્મદ (અ.સ.) એ ફરમાવ્યું : 'આ વાત શરીયતના ખાસ વિદ્વાનો (ફોકહા) ને લાગુ પડે છે. તેમાં તમામ શીયા ફોકહાનો સમાવેશ થતો નથી.'

જે લોકો પયગમ્બર ઇસ્લામ (અ.સ.) અને અઇમ્મ - માઅસુમીન (અ.સ.) ના કૌલ બયાન કરનાર, ફકીહ અને દીનના કાનૂનોથી વાકેફ હોય અને ઉપરની ચારેય નિશાનીઓ તેમનામાં હોય તે હ. મહદી (અ.સ.) ના સાધારણ પ્રતિનિધિ છે. જેને નવ્વાબે આમ (સર્વ સાધારણ પ્રતિનિધિ) કહી શકાય.

અય વલીએ અસ્ર (અજ.)

હમ શકલ નબી હોકર, તૂ સાનીએ હૈદર હૈ
કોનૈન પે કબજા હૈ, તૈવર હે ફકીરાના
દુનિયામેં તેરી હસ્તી જબ ફુક્ર શીકન હોગી
કા'બેકી તરહ મસ્જીદ, બન જાએગા બૂતખાના
કુરઆન કી તફસીરે બે મતલબ વ માઅના હેં
તુ આય તો ખુલ જાએં, અસ્રારે હકીમાના
હમને તો મુસલમાનો કો દેખાહૈ ગુલામીઓમેં
તૂ આયે તો હમ દેખેં ફિર સતવતે શાહાના *
અન્વારે મોહમ્મદ સે ઇન્કાર હૈ દુનિયા કો
તૂ આએ તો સબ દેખે વહ જલ્વએ જાનાના.
સતવતે શાહાન = * શાહી ભવ્યતા

આપણા બારમા ઇમામ (અ.સ.) ની યાદમાં મગ્ન રહેવું, તેમના પવિત્ર ઝહૂર માટે દૂવાઓ માગવી એ સૌથી શ્રેષ્ઠ ઇબાદત અને ખુદાવંદે - આલમની નીકટતા પ્રાપ્ત કરવાનું માધ્યમ છે.

અય શીયાઓને આલે મોહમ્મદ! ફાતેમા ઝહેરા (સ.અ.) ની આરઝુના કેન્દ્ર, એ ઇમામે ઝમાં (અ.સ.) ની યાદ અમને કેટલી આવે છે? અય શીયાઓ દરરોજ ચોવીસ કલાકમાં ભલે થોડા કલાક નહી પણ થોડી મિનિટ પણ આપણે ઇમામે ઝમાના (અ.સ.) ની યાદમાં મશગૂલ રહી નથી શકતા? અય ઇમામે ઝમાના (અ.સ.) ના દીદાર માટે તરસતા લોકો! અય હઝરત વલીયે અસ્ર પ્રત્યે એઅતેકાદ ધરાવનારાઓ, આપ એ હઝરત (અ.સ.) ની ખુશી માટે કોઇ રીતે પ્રયત્નશીલ છો? શું તમે એ માટે કોઇ કોશિશ કરો છો ખરા? આપણે એ હઝરતના દીલને દુઃખ ન થાય તે માટે કેટલા જાગૃત છીએ? ઇમામે ઝમાં (અ.સ.)ની રઝામંદી અને ખુશી ન હોય તેવું કોઇ કામ આપણાથી થઇ ન જાય તે માટે આપણે કોઇ પ્રયાસ કરીએ છીએ ખરા?

શું આપણે એ નથી ઇચ્છતા કે કબ્રની સૂમસામ વિરાન, નિરાશ અને ભયજનક જગ્યામાં જ્યારે દુનિયા છોડી જવા પછીની શરૂઆતની ઘડીઓ હશે ત્યારે આપણા ઇમામ ઝમાં (અ.સ.)ની દયા અને કૃપાના એવી રીતે વર્ષા થાય કે આપણે કબ્રમાંનો ભય અને બેચેની દૂર થઇ જાય!

આ માટે આપણી ફરજ છે કે આપણે ઇમામે ઝમાના (અ.સ.) સાથે વધુમાં વધુ પ્રેમ અને નીકટતા કેળવીએ. ઇમામે ઝમાના (અ.સ.) ની યાદ માનસિક શાંતિ, અર્પનારી, ખુશી અને પ્રફુલ્લતા બક્ષનારી, જીવનને રચનાત્મક પ્રેરણા આપનારી અને પ્રેમ-ઉન્માદની લાગણી આપનારી છે. આ ઉપરાંત ઇમામે ઝમાના (અ.સ.) ની યાદ અલ્લાહની નીકળતા અને મૌતની ભયાનક પળોમાં ઉપયોગી ભેટ સમાન હોય છે, શું વસવસાનો સામનો કરી શકાય તેવી (લડવાની) શક્તિ નથી જોઇતી? શું આપણે ગુનાહોથી પસ્તાઇને નજાત મેળવવા નથી માગતા? શું આપણે ખુદાવંદે - આલમની બારગાહમાં નીકટતાનું માધ્યમ શોધીએ છીએ ? શું આપણને રૂહાની બિમારીઓ અને આંતરિક ઉતાર - ચઢાવનો અંત આણી દેવાની ઇચ્છા નથી? જો આપણે આ બધી ઈચ્છાઓ રાખતા હોઇએ તો ઇમામે ઝમાં (અજ્જતલલ્લાહો તઆલા ફરજહુશ શરીફ) ની યાદને અગ્રતા આપવી જોઇએ અને તેમના તરફ વલણ દાખવવું જોઇએ. આપણા માટે એ જરૂરી છે કે આપણા જમાનાના ઇમામ (અ.સ.) નો દામન પકડીએ તમેની મોહબ્બતનો આધાર લઇને તેમનો જ માર્ગ ગ્રહણ કરીએ.

જ્યારે આપણને ખાત્રી છે કે આપણા ઇમામ (અ.સ.) હયાત છે, પરદએ - ગૈબતમાં છે, આપણને જોઇ રહ્યા છે, આપણી નીયતો અને કાર્યોથી વાકેફ છે. એટલું જ નહીં આપણ આખા શરીર અને રૂહથી પણ વાકેફ છે.... જરા સમજો, ઇમામે ઝમાના (અ.સ.) અને કૃપાઓ આપણા સુધી ઇમામે ઝમાના (અ.સ.) મારફત પહોંચે છે. તેઓ ખુદાવંદે આલમની કૃપાઓનું પ્રવેશદ્વારા છે. તો હવે આપણી એ ફરજ થઇ પડે છે કે આપણે એ પ્રવેશદ્વારને ખટખટાવીએ અને એ દરવાજાને મુક્તિનું દ્વાર સમજીને તેમાં પ્રવેશીએ. તેજ નજાતનું મૂળ સાધન છે. તેનાથી જ આપણું અસ્તિત્વ છે. તેઓની મદદથી તમામ દુખો - તકલીદોનું નિવારણ થઇ શકે છે. તેમના આદેશોને વળગી રહેવાથી જ તમામ પ્રશ્નો ઉકેલી શકાય. તેથી આપણા માટે જરૂરી છે કે એ નામ અને યાદના સહારે દિવસ અને રાત વીતાવીએ.દરેક મજલીસો અને મહેફીલોમાં દરેક પ્રસંગે ઇમામે ઝમાના (અ.સ.) નો ઝીક્ર કરવામાં આવે. આ માટે લોકોનું ધ્યાન આ અતિ મહત્વની બાબત તરફ દોરવું જરૂરી છે. સમાજમાં ઇમામ (અ.સ.) ની યાદ હંમેશા કાયમ કરવા પ્રયત્નો કરીએ. ઓછામાં ઓછું દિવસમાં કેટલીક વખત તો ઇમામે ઝમાના (અ.સ. )ને પુકારીએ. તેમની સમક્ષ ફરિયાદ કરીએ. તેમના ઉપર સલવાત મોકલીએ. તેમની ખિદમતમાં સલામ કરીએ. તેમના પ્રત્યે દીલી લગાવ દર્શાવીએ અને જ્યારે ઇમામે ઝમાના (અ.સ.) ની યાદ આવે ત્યારે દીલના ઉંડાણથી કહીએ.

**અસ્લામો અલયક યા સફીનતન નજાત**

કેટલાક લોકોનું માનવું છે કે ઇમામે ઝમાના (અ.સ.) હઝરત હુજ્જત ઇબનીલ હસન (અ.સ.) ની મુલાકાત અશક્ય છે. પરંતુ હકીકતમાં એવું નથી. આપ, આપના ઘણા ચાહકો, આશિકો અને આપ પર મુગ્ધ - આસકત - લોકો આપની ખિદમતમાં હાજર થઇ ચૂક્યા છે અને તે મહેરબાન આકા, તેજસ્વી ચહેરાના માલિક અને મહાન હસ્તીના દીદાર કરી ચૂક્યા છે. ખુદ એ હઝરત (અ.સ.) નો કૌલ છે કે મારી લાંબી ગૈબતના દિવસોમાં જો કોઇ મારી મુલાકાતનો અને મારી સાથેના સંપર્કનો દાવો કરે તો તે તદ્દન જુઠ્ઠો છે. આ હદીસ - શરીફનો અર્થ એ છે કે મારી લાંબી ગૈબતના દિવસોમાં જો કોઇ મારી મુલાકાત નો અને મારી સાથેના સંપર્કનો દાવો કરે તો તે તદ્દન જુઠ્ઠો છે. આ હદીસ - શરીફનો અર્થ એ છે કે કોઇ પોતાનો પરિચય એ રીતે થાય કે તે હઝરત (અ.સ.)નો ખાસ પ્રતિનિધી છે, અને નિયમીત રીતે મુલાકાત કરે છે અને લોકોના પ્રશ્નો અને મુશ્કેલીઓને આપ (અ.સ.) સુધી પહોંચાડે છે અને તેના જવાબ પણ લાવી શકે છે, તો તે જુઠ્ઠુ બોલનારો છે. આવો દાવો કરનાર તકસાધુના ફરેબમાં લોકોયે આવવું ન જોઇએ તેનું કારણ એ છે કે ગૈબતે સુગરાની મુદ્દત પુરી થયા પછી અને ઇમામે ઝમાના (અ.સ.) ના છેલ્લા નાયબે ખાસની વફાત પછી ઇમામ (અ.સ.)નો તેમના ખાસ નાયબ સાથેનો સંપર્ક પૂરો થઇ ગયો છે અને હઝરત વલીએ અસ્રની લાંબી ગૈબત (ગૈબતે - કુબરા) નો જમાનો શરૂ થઇ ગયો છે. આ ગૈબતના જમાનામાં હઝરતના નાએબે - ખાસ કોઇ જ નથી, પરંતુ હઝરત મહદી (અ.સ.) (અજ્જલલ્લાહો તઆલા ફરજહ) ના કેટલાક ચાહકો જે આપના આશિકો હતા એટલું જ નહી આજે પણ છે અને આપ (અ.સ.) ની યાદથી પોતાના દીલોને સતત આબાદ રાખે છે. ઇમામે ઝમાના (અ.સ.) ની યાદમાં હંમેશા રૂદન કરતા રહે છે. આપ (અ.સ.) ના કયામ અને ઇન્કલાબ માટે સતત દુઆવઓ કરતા રહે છે. આપ (અ.સ.) સિવાય બીજા કોઇ પાસે આશા રાખતા નથી. માત્ર અલ્લાહ પાસે હઝરત (અ.સ.) ના ઝુહૂરના ઇચ્છુક છે અને આપના આદેશો પર અમલ કરીને પોતાને હઝરત (અ.સ.) ના દોસ્ત માને છે.

બેશક, ઇમામે ઝમાના (અ.સ.) પણ તેવા દોસ્તો અને આશિકોથી વિમુખ નથી. આપ (અ.સ.) પણ પોતાના દોસ્તો પર કૃપા અને માયાની દૃષ્ટિ રાખે છે. એટલે સુધી કે આપના ખરા ચાહકો ઇમામ (અ.સ.) ના નૂરાની ચેહરાના દીદાર કરવાનું સન્માન સફળતાથી પ્રાપ્ત કરી શકે છે. પરંતુ શું એ ઇમામ (અ.સ.) ના દીદાર કરનારાઓ ઇમામ (અ.સ.)ના ગુણોનું વર્ણન કરવા માટે શક્તિમાન છે ખરા? શું તેઓ એ વાતને કલમ વડે કાગળ ઉપર લેખિત સ્વરૂ આપી શકે તેમ છે. ખરા ? ગળું રૂંધાય છે, આંખમાંથી આંસુઓનો સમૂહ ઉમટી પડે છે, ધ્રૂજવા માંડે છે, કલમ ગતિમાન થવા લાચાર બની જાય છે ઇમામે-ઝમાના (અ.સ.)નું હૃદય સોસરવું ઉતરી જતું સ્મિત જે મોટા મોટા પર્વતોને પણ ધ્રૂજવી દે તેવું હશે તો તેની સામે એક માણસના દિલની શું વિસાત? એક આશિકનું દિલ, એક મુગ્ધ - આસકતની રૂહ ચક્કર ખાઇ જાય છે. એક એવા નફસ માણસની રૂહ જે પોતાના મહેબુબનેખોઇ જે મુંજવણ અને પરેશાની સાથે ઇન્તેઝાર કરતી હોય તેને મૂર્ત સ્વરૂપ આપી શકાય ખરૂ? શું તમે પાણીની તરસથી બેચેન હોય એવા માણસના હલકનું વર્ણન કરી તેનો સ્પષ્ટ ચિતાર રજુ કરવા માટે શક્તિમાન છો ખરા? શબ્દો, લખાણ, વાતીચીત વાચન લેખન એવી કોઇ પણ બાબતથી તરસ્યા માણસની તરસનું સ્પષ્ટ વર્ણન થઇ શકતું નથી.

તેને સમજવા માટે તમારે પોતે જ ચોવીસ કલાક તરસ્યા રહેવું પડે. ત્યાર પછી પણ પાણી ન પીવો તો તરસનું પ્રમાણ અધિક થશે. ત્યારે એવું લાગશે કે કલેજું શેકાય રહ્યું છે બેચેની વધી રહી છે. એવા સંજોગોમાં માત્ર એક ગ્લાસ પાણી માટે કેટલો બધો પ્રેમ અને દીવાનથી હશે! ત્યારે પાણી પાછળ કેવા દોડવા લાગશો! તમે જ્યાં પણ જશો ત્યાં પાણી માગશો અને કોઇ સ્થળે તમારી સૌ પહેલી માગણી પાણીની જ હશે. તે હાલતમાં તમે કોઇ ખાલી ગ્લાસ કે વાસણ જોશો તો તમને તરત જ એક ઘૂંટ પાણીની કલ્પના આવશે. અને તે વાસણને તમારા હાથમાં તુરત જ ઉપાડી લેશો.

જો તમે ઘર, શહેર કે ગામડાથી દૂર થઇને એક રેતાળ પ્રદેશમાં ગયા હો જ્યાં દૂર - સુદૂર સુધી રેતાળ રણ જ રેતી દેખાતી હોય તો શું હાલત થાય? તેવા વખતે પાણી માટે કેવા બેબાકળા થઇ જવાય? પાણીની શોધમાં માનસિક રીતે અસ્થિર થઇ જવાની સ્થિતિ ઉભી થઇ જાય છે. દુવા કરવા માટે જીભ તાળવે ચોંટઠી જાય છે. વાત કરવાના હોશ - હવાસ રહેતા નથી. છાતીમાંથી નીકળતા દરેક શ્વાસની ગરીમ સાથે એક જ ઇચ્છા - એક ઘૂંટ

પાણીની ઉભરી આવે છે. સૂકાય ગએલા હોઠોથી એક માત્ર દુવા દીલમાંથી નીકળશે. માલિક રહમ કર, મૌલ કરમ કર, એક વાદળું પૈદા કર જેમાંથી પાણી વરસવા જેમાંથી થોડા ટીપા શેકાયેલા હોઠ અને સળગતા જેમાંથી જીગર ઉપર પડે... એ વખતે જન્નત, દોઝખ, કિતાબ ઇમાન કે બીજી કોઇ વાત નહી પણ એક ટીપું પાણી ક્યાંથી મળી જાય તેની જ ઇચ્છા હોય છે.

કાશ! અમે ઇલાહી વાદળોની વર્ષાના દર્શનાતુર, મહેબુબે - ખુદાની ઝીયારતના પ્યાસા બનીએ અને તે જીવનસર બક્ષનાર ઝરણાની શોધમાં તે ખુદાની મહેરબાનીની શોધમાં રહીએ જેની ઝીયારત દીલોને જીવંત કરે છે. જેમાં નૂરથી પ્રકાશિત આંખોની નઝર દીલોને ખુશ - ખુશ અને આનંદીત રાખે છે. ઇન્સાનોને જીવન અર્પે છે આશા અને નૂર આપે છે. એ માણસોનો દરજો કેવો અજોડ છે જેણે એ નૂરે - ઇલાહીના દીદાર કર્યા કેટલા સદભાગી હતા. ઈસ્માઇલ હરકલી, જે પોતાના પગના ઝખ્મની સારવાર માટે ગયા અને હઝરત (અ.સ.) ના દીદારથી મુશર્રફ થયા કેટલા સદનસીબ હચતા અલ્લામા બહેરૂલ ઉલૂમ! જેના ઘરમાં એ હજરત તશરીફ લાવ્યા હતા. અને એ હઝરતની હુઝુરમાં જીવનદાયક પ્રેરણા મેળવી. ઇબ્રાહીમ ઇબ્ને મહઝયાર કેટલા ભાગ્યશાળી હતા, જે મહેબૂબે ઇલાહી અને મઝલુમોના મદદગારની ઝીયારતથી મુશર્રફ થયા એ લોકો પણ કેટલા ભાગ્યશાળી છે જેઓએ પોતાની પવિત્ર કાર્યોથી હઝરત (અજ.) ને ખુશ કર્યા અને આપ (અ.સ.) ના દીદાર મુબારક કરવા પામ્યા.

આપણે પણ હઝરત મહદીયે દૌરાં અલયહે સલાતો - વ - સ્સલામની યાદમાં રહીએ, ગુનાહો અનેદરેક પ્રકારની બૂરાઇઓથી દૂર રહીએ. આપણે એ હઝરત (અ.સ.) ની ઝીયારત માટે તૂષાતુર રહીએ તેમના દુનિયામાં આગમન અને ઇન્કલાબ માટે દુવા કરતા રહીએ. આપણે દરરોજ તેમના પર દુરૂદ અને સલામ મોકલતા રહીએ. પ્રેમાળ અને રૂંધાએલા હૃદયથી એ હઝરત (અ.સ.) સાથે સતત સંબંધ જાળવી રાખીએ, એ હઝરત વીશે વધુમાં વધુ જાણકારી મેળવીએ અને આપણા સમગ્ર અસ્તીત્વ સાથે એ હઝરતના દીદારની તમન્ના કરીએ. દીલોના ઊંડાણથી તેમના જ બની જઇએ એ હઝરતના ધ્યાનપૂર્વકના કેન્દ્ર અને તેમની અપાર કૃપાઓના હકદાર બની જઇએ. તો જ ખુદાના વલી, મુસ્તુફા (સ.અ.વ.) ન દીલના ટૂકડા, અલીએ મુરતુઝાના જીગરન ટુકડા અને ફાતેમાં ઝહેરાના (સ.અ.) નૂરે નજરના દીદારના આશા અચૂક પૂરી થશે.

આ તકે અમે હઝરત (અ.સ.) ના દીદારના પ્યાસા એવા એક શખ્સનો પ્રસંગ રજુ કરીએ તો અસ્થાને નહી ગણાય. આ પ્રસંગ અલ્લામા મજલીસી (ર.અ.) એ શેખ સદૂક (ર.અ.) ના હવાલાથી નોંધ્યો છે. આ હઝરત મહદી (અ.સ.)ના એક આશિકનો પ્રસંગ છે. જેનું નામ ઇબ્રાહીમ ઇબ્ને મહઝયારા હતું. જે ઇમામ મહદીએ - ઝહેરાની દીદારની ઉત્સુકતામાં દુનિયાની બધી વાતોને ભુલી ગયો હતો એ પ્રસંગ અત્રે તે આશિકે ઇમામ

શકશે તેમ માનીને હું તેમની તરફ ગયો. તેને સલામ કરી, તેણે મારી સલામનો જવાબ ખૂબ જ સારી રીતે વાતચીત શરૂ થઇ, ત્યાર પછી તે યુવાને કહ્યું કે 'હું તમારા માટે એક ખબર પણ લાવ્યો છું જો તમે તમારા ઇમામ (અ.સ.) ની ઝીયારત સાથે એ ઇચ્છતા હો કે તમારી આંખો એ હઝરતના નૂરાની પ્રકાશનો ઝગમગાટ જુવે તો મારી સાથે તાયફ સુધી ચાલો. પરંતુ મારી સાથે આવવાની તમારી સફરને તમારા મિત્રોથી ખાનથી રાખજો.' હું તેમની સો તાયફ જવા રવાના થયો જ્યારે અમે એક મોટા રણમાંથી પાર થઇ રહ્યા હતા, ત્યારે દૂરથી એક તંબુ નજરે પડ્યો જેના નૂરથી આખુ રણ ઝળહળી રહ્યું હતું.''

તે યુવાન તંબુમાં મને અંદર જવા માટેની પરવાનગી મળવવા ગયો. એટલામાં મે જોયું કે તે તંબુમાંથી અજોડ પ્રભાવશાળી અને નૂરાની બુઝુર્ગ બહાર પધાર્યા. તેમની ખૂબસૂરતી અવર્ણનીય હતી. હું ખૂબજ આવેશ અને અર્ધ પાગલપણાની હાલતમાં તેમની તરફ દોડ્યો અને તેમના હાથ - પગ ચૂમવા લાગ્યો. તે બુઝુર્ગે ફરમાવ્યું : ''તારૂ આગમન મુબારક થાય. આ સમય પહેલા તારી મુલાકાતનું વચન આપવામાં આવ્યું હતું. તારી અને મારી વચ્ચે રૂહાની સંબંધ સ્થાપિત છે. આપણા બેની વચ્ચે રસ્તાનું લાંબુ અંતર અને આપણી મુલાકાતના વિલંબ છતાં મે હંમેશા તને મારી નજરોમાં મૂર્ત રાખલ છે.'' ત્યાર પછી આપે એક લાંબી વાતચીત કરતા કહ્યું : ''મારા પિતાજી એ મને કહ્યું હતું : અય ફરઝંદ, જે લોકો ખુદાની ઇબાદત કરે છે અને તેની પૈરવી અને તાબેદારી કરવા સતત પ્રયત્નશીલ રહે છે, અલ્લાહ તઆલા તેને બંદાઓ માટે નમૂનારૂપ બની રહે એ માટે માર્ગ દર્શક વગરના રાખતો નથી...''

ઇબ્રાહીમ બીન મહઝયારનું કહેવું છે ! ''એક સમયગાળા સુધી હું ઇમામ મહદી (અ.સ.) ની ખિદમતમાં રહ્યો. તેજસ્વી સત્યો, નૂરાની હુકમો અને કેટલીયે ઇલ્મ અને હીકમતની વાતો શીખ્યો. જે બાબતો ખુદાએ તઆલાએ આપની છાતીમાં ઊંડાણથી ભરી હતી તેનો ખૂબ જ ફાયદો મેળવતો રહ્યો... અને આહ...! પછી જવા માટે પરવાનગી માંગી, છેવટે જ્યારે છૂટા પડવાની તૈયારી કરી ત્યારે હઝરત (અ.સ.) ની ખિદમતમાં પહોંચ્યો. આપની સાથે વફાદારના વચનને દોહરાવીને જવાની તૈયારીમાં હતો. ત્યારે આપે ફરમાવ્યું :ખુદાવંદે અઝઝવજલે જે વસ્તુને તારા માટે આસાન અને બરકતપૂર્ણ કરી, તેને સાલેહ લોકોના શ્રેષ્ઠ સવાબ અને પોતાના ખાસ બંદાઓની જઝા આપી. બધી વસ્તુઓ તેનાથી જ છે અને જે કંઇ જોઇતું હોય તે - તે જ આપી શકે છે. ખુદાવંદે આલમ તને તેની અપાર નેઅમતો, સલામતી અને ખુશહાલી સાથે તારા મિત્રો સુધી પહોંચાડે તને રસ્તામાં કોઇ તકલીફ ન પડે.... હું તને ખુદાને હવાલે કરૂ છું. ઇન્શાઅલ્લાહ ખુદાવંદાની કૃપાળું છાયામાં તને કોઇ આફત નહી આવે.''

ઇબ્રાહીમ બીન મહઝયાર કહે છે કે હું હઝરત મહદી અજ્જલલ્લાહો તઆલ ફરજહશ શરીફ પાસેથી વિદાય થયો. હું

## ઇમામે ઝમાના (અ.સ.) ની ગૈબતના ફાયદાઓ

કેટલાક લોકો પૂછે છે કે ઇમામે ઝમાના (અ.સ.) ની ગૈબતના જમાનામાં તેમનાથી શું ફાયદો થાય છે?

એ વાત સાચી છે કે ઇમામે ઝમાના (અ.સ.) ખુદાએ - કરીમ અને દાનાના હુકમથી લોકોની નજરોથી ગાયબ થઇ ગયા છે. પરંતુ તેમ છતાં તેઓ તમામ ઇન્સાનોની ઝીંદગી અને દુનિયાના અસ્તિત્વ પર તેમની મહત્વની અસર ધરાવે છે.

તમે વાદળછાયા આકાશના દિવસો તો જોયા જ હશે એ વાદળ છાયા દિવસોમાં સૂરજ તો વાદળાની પાછળ છૂપાએલો હોય છે. તો શું તેવા વખતે એમ કહી શકાય કે તે દિવસોમાં સૂરજથી કોઇ ફાયદો થતો નથી? શું વાદળ છાયા દિવસોમાં અને અંધારી રાતમાં કઇ જ તફાવત નથી? એવું બીલકુલ નથી આપણે જાણીએ છીએ તેમ એ વાદળ છાયા દિવસ પણ સૂરજના કારણે જ દિવસ કહેવાય છે. ભલે આસમાન પર વાદળા છવાએલા રહે છે અને સૂર્યના પ્રકાશિત ચહેરાને આપણી નજરોથી છુપાવી રાખે છે. પણ સૂરજની ગરમી તે વાદળાઓની પાછળથી પણ આપણા સુધી પહોંચતી રહે છે. અને તેની રોશની વાદળોની પાછળથી પ્રકાશીને પણ તેની ઉજાસ દુનિયામાં ફેલાય છે.

ગૈબતે ઇમામે ઝમાના (અ.સ.) ના દિવસોમાં પણ ઇમામે ઝમાના (અ.સ. )નો પવિત્ર અને તેજસ્વી ચહેરા સમો સૂરજ ગૈબતના વાદળો પાછળ છૂપાએલો છે, આપણે તે જોઇ શકતા નથી. પણ તેમની મોહબ્બત, દયા અને પ્રેમનું નૂર દરેક જગ્યાએ મૌજુદ છે અને આખી દુનિયાના અસ્તિત્વને સ્થાયીત્વ બક્ષે છે.

ઇમામે ઝમાના (અ.સ.) ન હોત તો દુનિયાનું અસ્તિત્વ બાકી ન રહેત. આપ (અ.સ.) ન હોત તો પૃથ્વીનું ભ્રમણ સૂરજની આસપાસ ન હોત. ખુદાવંદે આલમે એ હઝરત અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફને એ માટે જ પૈદા કર્યા છે. હઝરત માટે જ તમામ ઇન્સાનોને પૈદા કરીને જીવન બક્ષ્યું છે અને દુનિયાને કાયમ રાખી છે.

જો ઇમામે ઝમાના (અ.સ.) નું અસ્તિત્વ ગૈબતના પરદામાં પણ ન હોત તો સૂરજનો પ્રકાશ બૂજાઇ જાત, ચંદ્રનું નામો નિશાન ન હોત, વાદળા વરસતા ન હોત, દરિયાઓ અને સમુદ્રો સુકાઇ જતે. ઇન્સાનોની હસ્તી ન હોત જમીન વેરવિખેર થઇ જાત. ટૂંકમા, સમગ્ર સૃષ્ટિ નાશ પામત. આપણે જીવતા અને ગતિમાન છીએ, જમીનઅને ચાંદ - સૂરજનું અસ્તિત્વ છે તે હઝરત વલીયે અસ્ર હુજ્જત બીન હસન અજ્જલલ્લાહો ફરજહના અકદસ અસ્તિત્વથી બાકી છે.

આખું જગત એક શરીર સમાન છે. જેનું ધબકતું હૃદય ઇમામે ઝમાના (અ.સ.) નું અસ્તિત્વ છે. આ હૃદય ન હોય તો આખુ શરીર મુર્દા સમાન બની રહે. જો હઝરત મહદી (અ.સ.) ન હોત તો આખી દુનિયા નેસ્ત - નાબુદ થઇ જાત. શરીરના જે અવયવનો સંબંધ હૃદય સાથે નજદીકનો હોય છે તે વધુ સક્રીય રહે છે. જે અવયવનો હૃદય સાથેનો સંબંધ તૂટી જાય એન તે ભાગ સુધી લોહોનું પરિભ્રમણ ન થાય તો તે ભાગ નકામો બની જાય છે.

એજ રીતે જે માણસ ઇમામે ઝમાના (અ.સ.) ની યાદમાં મશગુલ રહે છે, તેમની સાથે મોહબ્બત રાખે છે. તેમના હુકમોનું અનુસરણ અને પૈરવી કહે છે તે ખુશનસીબ અને સચ્ચાઇના માર્ગ ઉપર છે. તેનાથી ઉલ્ટું જે માણસ હઝરત વલીએ અસ્ર સાથે કોઇ જ સંબંધ રાખતો નથી, તેઓના હુકમ પ્રત્યે બેદરકાર રહે છે, તેઓના ઝુહૂર માટે દુવા નથી માગતો, તે શરીરના એવા અવયવ સમાન છે જે નકામો અને જડ બની ચૂક્યો છે. તેવો માણસ ફઝીલત અને સચ્ચાઇની મંઝીલે કદી પહોંચી શકતો નથી.

---

ઇમામે ઝમાના (અ.સ.) ઓલમા અને ફોકહા વીશે ફરમાવે છે .

''અમ્મલ હવા દેસુલ વાકેઅતો ફરજેઉ ફીહા એલા રોવાતે હદીસેના ફઇન્નહુમ હુજ્જતી અલયકુમ વ અના હજ્જતુલ્લાહે અલયહીમ, અર્ર રાદદો અલયહીમ કર્રરાદદે અલયના વર રાદદો અલયના કર્ર રાદેદ અલલ્લાહે......''

અર્થાત : ''નવી નવી પરિસ્થિતિ અને સંજોગો ઉપસ્થિત થાય ત્યારે અમારા વીશેની રિવાયતો અને હદીસોના રાવીઓ (ઓલમાઓ) નો સંપર્ક કરજો, અને હું તેમના પર અલ્લાહની હુજ્જત છું. એમના હુકમની અવગણના કરવી એ મારા હુકમની અવગણના સમાન છે. અને મારા હુકમની અવગણના કે તિરસ્કાર કરનાર અલ્લાહના હુકમનો તિરસ્કાર કરનાર સમાન છે.''

(કમાલુદ્દીન પા. ૪૮૪, ''બેહારૂલ અન્વાર'' જીલ્દ ૫૩ પા. ૧૮૧, ''વસાએલુશ શીયા'' જી. ૧૮, કિતાબુલ કઝા પા. ૧૦૧)

---

ગૈબતે ઇમામ (અ.સ.) ના અંધકારમય એન ઝંઝાવાતી સમયગાળામાં એજ લોકોને રાહેનજાત અને સદ્દભાગ્ય પ્રાપ્ત થશે જે ઇમામે ઝમાના (અ.સ.) ની યાદમાં સતત અશ્રુ વહાવતા રહે છે. તેમના ઝુહૂરની દુવા કરતા રહે છે અને પોતાના નેક કાર્યોથી ઇમામે ઝમાના (અ.સ.) ના અસ્તિત્વ પર પૂરેપૂરી શ્રદ્ધા ધરાવ છે.

સાદીકે આલે મોહમ્મદ (સ.અ.વ.) એ અબ્દુલ્લાહ બીન સનાનને ફરમાવ્યું : '' ઇમામે ઝમાના (અ.સ.) ની ગૈબતના જમાનામાં માત્ર એજ વ્યક્તિને નજાત મળશે જે ડૂબતા માણસની જેમ દુવા કરે.''

શું તમે ડૂબતા માણસની હાલતની કલ્પના કરી શકો છો? જ્યારે દરિયો ભયાનક સ્વરૂપ ધારણ કરીને તોફાની બને છે ત્યારે કશ્તી ને હલાક - ડોલક કરી નાખે છે. મુશળધાર વરસાદ વરસે છે. ચારે બાજુ અંધકાર છવાઇ જાય છે. કશ્તીના લોકો બેચેની અને ગભરાટની હાલતમાં સમુદ્રમાં પડી જાય છે એ સમુદ્રની વણથંભી લહેરો માણસોને ઉછાળતી પછાડતી લોકોને મૌતના હવાલે કરવાની તૈયારીમાં હોય છે.

આ પ્રકારે જે ઇન્સાનો સમુદ્રના તોફાનો ફસાયા હોય, જેની કશ્તી ભાંગી - તૂટીને વિખેરાઇ ગઇ હોય તેના ઉતારૂઓ સમુદ્રમાં ડૂબવા લાગ્યા હોય તેવા ઇન્સાનો ડૂબતા ઇન્સાનો કહેવાય છે. હવે આપ જ વિચારો કે તે રીતે ડૂબતા ઇન્સાનો બચવા માટે અને પોતાની સલામતી માટ કઇ રીતે દુવા કરતા હશે? એવા ઇન્સાનો ખુદાને મદદ માટે કેવી રીતે પૂકારતા હશે? કેટલી આજીજી સાથે દુવા કરતા હશે?

ઇમામે ઝમાના (અ.સ.) નો એક આશિક શીયા ઇમામે ઝમાના (અ.સ.) ની ગૈબતના જમાનામાં તોફાન, ડરાવનારી સમુદ્રની લહેરોની વચ્ચે, તોફાની સમુદ્ર જેવા સમાજના અંધકારભર્યા વાતાવરણમાં પોતાની સત્યપૂર્ણ અને ખૂશનસીબ કશ્તીને વીખરાતી જુવે ત્યારે પોતાના આકા અને ઇમામે ઝમાના (અ.સ.) નીજુદાઇમાં બેચેની અને મુંઝવણ અનુભવે છે અને કોઇપણ દંભ કે દેખાવ વગર નિષ્કપટ ભાવે દીલના ઊંડાણથી પોકારી ઉઠે છે.

અયના બકીય્યતુલ્લાહ! ઇમામે ઝમાના (અ.સ.) ક્યાં છે? આમ કહીને પોતાની આંખોની આંસુની ધારા અને દીલની વરાળ સાથે કહે છે :

''ક્યાં છે અમારી સુધારણા કરનાર ! જેના ઇન્તેઝારમાં અમે તડપી રહ્યા છીએ. અમારી અધુરાશ અને અપૂર્ણતાને દૂર કરનાર ક્યાં છે? પોતાના દોસ્તોને ઇઝઝત આપનાર અને દુશ્મનોને અપમાનીત કરનાર ક્યાં છે? એ મહાન હસ્તી ક્યાં છે! ક્યાં છો અય દીનને જીવંત કરનાર અય જુલ્મો સિતમનું નામો નિશાન ધરતી પરથી મીટાવી દેનાર ક્યાં છો? અય સય્યદશ્શોહદા હ. અબુ અબદીલ્લાહના ખૂનનો બદલો લેનાર, મારી જાન આપના ઉપર ન્યોછાવર કરૂ છું. મારા મા - બાપ આપના ઉપર ફીદા કરૂં છું. અય પાકો - પાકીઝા એ માનવંત પિતાના પૂત્ર, અમારા માટે એ વાત કેટલી સખ્ત છે કે બધાને હંમેશા બધે જોઇ શકીએ પણ આપના ફરિશ્તા સમા પ્રતિભાળી ચહેરાની ઝિયારત થઇ ન શકે! બધાન અવાજ સંભળાય પણ. આપની જોશીલી અને જીવનદાયક આવાજ ન સંભળાય!'' (દુવા - એ - નુદબાહ)

એવું હોઇ શકે કે તેઓના અસંખ્ય ચાહનારા હોવા છતાં તેમના ઝુહૂરની દુવા ન કરે અને તેમની આવાઝ પર 'લબ્બૈક' ન કહે? ના, હરગીઝ નહી! તેઓ મહેરબાની, એહસાન, બક્ષીસ સખાવત અને દાનના સ્ત્રોત છે. મહાનતા પ્રતિક છે. તેઓ મૌલા, આકા અને ખુદાવંદે - આલમની રહેમતના દ્વારા છે.

વિખ્યાત માનવંત શીયા આલિમ અને ચિંતક મરહૂમ સૈયદ ઇબ્ને તાઉસ (ર.અ.) તેમના પૂત્ર અને તમામ શીયાઓને - આલે - મોહમ્મદ (અ.સ.) ને સંદેશો આપતા ફરમાવે છે.

''એવા લોકોની સંખ્યા ઘણી મોટી છે જેમનું ચારિત્ર્ય, કાર્યો અને વાતચીત તેમના ઝમાનાના ઇમામ (અ.સ.) વીશેની તેમની શ્રદ્ધા સાથે બંધબેસતા નથી. ઇમામે ઝમાના (અ.સ.) ના પવિત્ર અસ્તિત્વ વીશે તેમની શ્રદ્ધા મજબુત છે અને તેમનો ઝુહૂર થશે તેમ પણ તેઓ ખાત્રીપૂર્વક માને છે. પરંતુ તેઓ પોતાની વાતચીત અને અમલમાં ઇમામે ઝમાના (અ.સ.) ની યાદ અને તેમના ઝુહૂર વીશે શ્રદ્ધા રાખતો હશે પણ જ્યારે તેને પૈસાનું કે દુનિયાની બીજી કોઇ વસ્તુનું નુકસાન થશે કે દુનિયાની બીજી કોઇ બાબતમાં નિષ્ફળતા જશે ત્યારે તે પોતાની બધી શક્તિને પૈસા કે બજી જે વસ્તુનું તેને નુકસાન કઇ રીતે ભરપાઇ થાય તેના રસ્તાઓની શોધમાં લાગેલો રહેશે. પરંતુ શું તે માણસ આ દુનિયાની નજીવી અને નાશવંત વસ્તુઓ માટે જેટલી કોશિશ કરે છે, તેટલી કોશિશ તે પોતાના શ્રેષ્ઠ માનવંત ઇમામ, આકા, માલીક, વલીએ-

નેઅમત,દુનિયાની સુધારણા કરનાર, કાફિરોને નાબૂદ કરનાર, તેમના ચાહકોના રૂહે - રવાં અને જાનો દીલ, ઇમામે ઝમા (અ.સ.)ના દીદાર માટે છે ખરો? તો પછી શું તેની દોસ્તી અને વિલાયતની આ ભાવના પોકળ નથી?!''

નિસંશય, તેણે ઇમામ (અ.સ.) ની દીદાર માટે તૃષાતુર રહેવું જોઇએ. ઇમામ (અ.સ.) ની મુલાકાત માટેની પ્યાસ અનુભવવી જોઇએ. તેણે સમજી લેવું જોઇએ કે ઇમામે ઝમાં (અ.સ.) એ એક માત્ર હસ્તી છે જે તેની તૃષાને તૃપ્ત કરી શકશે. બાકી બધી વાતો મૃગજળસમી છે, વ્યર્થ, નિરર્થક છે લોક સ્વાર્થી અને તક સાધુ છે.

બધા દર્દોની એક માત્ર દવા ઇમામે ઝમાના (અ.સ.) નો ઝુહૂર છે. તેઓ બધી તકલીફોના મુક્તિદાતા બની રહેશે તેમની યાદ તમામ મુશ્કેલીઓમાં રાહત દેનાર છે, અને તમામ સફળતાનું રહસ્ય છે. કિતાબ ''મફાતી હુલ - જીનાન'' જે મહાન માઅસુમીન (અ.સ.) ના કલામોના સંગ્રહ છે, તેના વાચનની ટેવ કેળવવી જોઇએ. જ્યારે એ કિતાબના પાના ઉલટાવીએ છીએ તો તેમાં ઇમામે ઝમાના (અ.સ.) વીશેની એક ખાસ દુવા વારીદ થઇ છે એ નજરે ચડે છે,જેમા ઇમામે ઝમાનાની ગૈબતની દુવા છે. તે દુવાનો કેટલોક અંશ નમૂનારૂપે પ્રસ્તુત છે.

- અલ્લાહુમ્મા અરર્રફની નફસક

* ખુદાવંદા, મને તારી ઝાતનીમાઅરેફત અતા કર.

- ફ ઇન્નકા લમ તોઅરરીફની નફસક લમ અઅરીફ રસુલક

* કારણ કે અય ખુદા જો મને તારી માઅરેફત પ્રાપ્ત નહી થાય તો તારા પયગમ્બર (સ.અ.વ.) ને કઇ રીતે ઓળખી શકીશ?

- અલ્લાહુમ્મ અર્રરીફની રસૂલક

* અય ખુદા, તારા રસૂલની ઓળખ અતા કર.

- ફ ઇન્નક લમ તો અરરફની નબીય્યક, લમ અઅરીફ હુજ્જતક

* કારણ કે જો તે તારા નબીની ઓળખ નહી કરાવી, તો તારી 'હુજ્જત' ને નહી ઓળખી શકું.

- અલ્લાહુમ્મા અરરીફની હુજ્જતક

* અય પરવરદીગાર, તું તારી હુજ્જતની માઅરેફત મેળવવાની પ્રેરણા અતા કર.

- ફ ઇન્નક લા તોઅરરીફની હુજ્જતક ઝલલ'તો અન દીની.

* કારણ કે જો તું મને તારી હુજ્જતનો પરિચિય નહી કરાવે તો ગુમરાહ થઇને ભટકી જઇશ.

મુસલમાનોની બહુમતી હઝરત હુજ્જત (અ.સ.) ની હયાતીનો ઇન્કાર એટલા માટે કરે છે કે કોઇ પણ વ્યક્તિની આટલી બધી લાંબી ઉમ્ર હોય તે શક્ય નથી. ઇમામીયા ફીરકામાં માનનારા તેમના અકીદાની રૂએ હઝરત (અ.સ.)ના અસ્તિત્વને માની લે છે, પરંતુ પોતાના ઇલ્મ અને અકલની દ્રષ્ટિએ આટલી લાંબી ઉમ્ર હોવાનું તેમના ગળે પણ ઉતરવું નથી. આજના પ્રગતિના યુગમાં જ્યારે લાંબી ઉમ્ર હોવાના વિષયમાં રોજબરોજ નવા - નવા સંશોધનો થતા રહે છે. એટલે કોઇની લાંબી ઉમ્ર હોવાનું અશક્ય રહ્યું નથી.

કુરઆને શરીફ જે આસમાની કકિતાબ છે. તેની સૌથી પહેલા લાંબી ઉમ્રના પૂરાવા મળે છે. જેમ કે હ. નૂહ (અ.સ.) ની ઉમ્ર ખૂબ જ લાંબી હતી. તેઓએ તેમની જીંદગીમાં સાડા નવસો વર્ષ જેટલા લાંબા કાળ સુધી રીસાલતનું કાર્ય કર્યું હતું. આ ઉપરાંત તબિબ શાસ્ત્રના નિષ્ણાંતોજે ઓ આ વિષયમાં સતત પ્રયોગો કરી રહ્યા છે. અને એવા પરિણામ સુધી પહોંચ્યા છે કે લાંબી ઉમ્ર હોવાનું શક્ય છે. કેટલાક વૈજ્ઞાનિકો એવી દવાઓ અને ખોરાક તૈયાર કરવાનું સંશોધન કરી રહ્યા છે,જેનાથી ઇન્સાનની ઉમ્ર લાંબી થઇ શકે છે.

આયતુલ્લાહ શહીદ આકાએ મોહમ્મદ બાકીરુસ્સદ્ર (તાબસરાહ) તેમના સામાયિક 'અલ - મુકતતફ' ના અંક નંબર ૩-૧૯૫૯ માં તેમની કિતાબ 'અલ - મહદી' માંથી એક લેખ રજુ કરેલ છે જેનો સારાંશ અત્રે રજુ કરીએ છીએ.

''ઉચ્ચકક્ષાના વિશ્વાસનીય વૈજ્ઞાનિક કહે છે કે પ્રાણીઓના શરીરના તમામ સ્નાયુઓમાં એટલી યોગ્યતા હોય છે કે તે હંમેશા જીવંત રહી શકે છે અને ઇન્સાનો માટે પણ હજારો વર્ષ જીવવું શક્ય છે. તે માટેની શર્ત એ છે કે ઇન્સાન એવું કોઇ કાર્ય ન કરે જેનાથી તેની જીવવાની શક્તિ તૂટી જાય. આ બાબત એ ઇન્સાનોની કલ્પના કે અંદાજ માત્ર નથી, પણ લાંબાગાળાના વૈજ્ઞાનિક પ્રોગો પછી તેઓ આ નિર્ણય સુધી પહોંચી શક્યા છે....''

હઝરત સાદીક (અ.સ.) ફરમાવ્યું :

**''વન તઝેરૂલ' ફરજ સબંહન વ મસ અન''**

* તમે લોકો સવાર - સાંજ ઝુહૂરનો ઇન્તેઝાર કરો.

(''ગૈબતે - નોઅમાની'' પા. ૧૫૮)

**''વતવક્કઅ અમ'ર સાહેબેક લયલક વનહારક ફ ઇન્નલ્લાહ કુલ્લો યવ'મની' હોવ ફી શાનીન લા યશગોલોહુ શાનુન' અન શાન''**

* અર્થાત : દિવસ રાત તમારા હાકેમ અને આકાની હુકુમતની આશા રાખો, કેમ કે નિશંક દરરોજ તેઓનું એક નિરાળું કાર્ય હોય છે અને તેમની ઝાતને એક કામ - બીજા કામથી વિમુખ, ગાફીલ અને ગૌણ બનાવી શક્તું નથી.

(''મીક્યાલુલ મકારીમ'' જી. ૨ પા. ૧૫૭)

***

ડાયમંડ વૈલૅ જોન્સ - જેઓ હાફકીન્સ યુનિવર્સિટીના પ્રોફેસર છે, કહે છે : 'એ વાત સાબિત થઇ ચૂકી છે કે માણસના શરીરના તમામ કોશો હંમેશા જીવંત રહેવાની ક્ષમતા ધરાવે છે. આ બાબતનો પ્રયોગ સૌ પહેલા પ્રાણીઓના શરીર ઉપર કરનાર વૈજ્ઞાનિકનું નામ જેક લુબ હતું. ત્યાર પછી વૉરન લોરેન્સે તેની પત્ની સાથે મળીને પ્રયોગો કરીને આ વાત સાબિત કરી હતી.'

એક ચકલીના ગર્ભના ટૂકડાઓ કરીને મીઠાના - પાણીમાં સુરક્ષિત રાખી શકાય છે. આ પ્રકારના પ્રયોગો નિયમીત કરવામાં આવ્યા. એટલે સુધી કે ડૉક્ટર એલેક્સ કાર્લે બીજા પ્રયોગો કરીને સીબત કર્યું કે જે પ્રાણીના શરીરના ભાગો - અવયવો ઉપર પ્રયોગો કરવામાં આવ્યા હતા, તેમા વૃદ્ધાવસ્થા કે અશક્તિના ચિન્હો જણાયા ન હતા. એટલે સુધી સાબીત થઇ ગયું કે જે પ્રાણીઓના શરીરના ભાગો પર પ્રયોગ શરૂ કર્યા અને ઘણા જ પ્રયોગો અને મનોમંથન પછી નીચે મુજબના તારણો કાઢ્યા :

(૧) જ્યાં સુધી શરીરના એ ભાગોના જીવંત સ્નાયુઓને એવો અકસ્માત ન નડે જેનથી તેને મળતો ખોરાક (લોહી - પ્રોટીન - વિટામીન વગેરે) નો પૂરવઠો સમાપ્ત કે ઓછો થઇ જાય કે તે નાશ પામે, ત્યાં સુધી તે જીવંત રહી શકે છે.

(૨) આ સિવાય તે સ્નાયુએ જીવતા રહે છે, તેનો વિકાસ એ વૃદ્ધિ સતત થતા રહે છે.

(૩) સ્નાયુઓના પોષણ માટે જે ખોરાક જોઇએ છે તેનું પોષણ એ તેની વૃદ્ધિનું માપ હોય છે.

(૪) સમયના વીતવાની તેના પર કોઇ જ અસર થતી નથી. તેમજ તેનામાં અશક્તિ કે વૃદ્ધાવસ્થાના મામૂલી ચિન્હો પણ જણાતા નથી. એનાથી ઉલટું બીજા વર્ષે પણ તે પહેલા વર્ષ જેટલા જ તંદુરસ્ત દેખાય છે.

જ્યારે એ કોશો - સ્નાયુઓ - જેનાથી માણસ ઉતપન્ન થયો છે તેના વિશેની વિગત આમ છે તો પછી પ્રશ્ન એ થાય કે માણસનું મૃત્યું કેમ થાય છે... અને સામાન્ય રીતે તે સો વર્ષથી વધુ કેમ જીવતો નથી!

આ પ્રશ્નનો જવાબ એ છે કે પ્રાણીઓ અને ઇન્સાનો શરીરમાં અસંખ્ય જુદા જુદા ભાગો હોય છે. જેમાંના કેટલાક ભાગ એક બીજાથી જુદા પ્રકાર - પ્રકૃતિના હોય છે. તેમ છતાં, બધા અવયવો ભાગો, કોશો, સ્નાયુઓ વગેરે સંપૂર્ણ રીતે જીવંત સંપર્ક હોય છે. આ સંપર્ક એવી રીતે હોય છે કે એક સ્નાયુ કે કોશ જીવંત હોય તો જ બીજો કોશ કે સ્નાયુ જીવંત રહી શકે છે. શરીરના કેટલાક કોશની નબળાઇ કે મૃત્યુના કારણે આખા શરીરનું મૌત અથવા નાશ થાય છે.આવા  કારણોસર જ માણસનું સરેરાશ આયુષ્ય સિત્તેર એંશી વર્ષથી વધારે હોતું નથી. નિશંક, એ વાત સાબિત થઇ ચૂકી છે કે ઇન્સાનના મોતનું કારણ એ સિત્તેર કે એંશી વર્ષની વય થઇ જવી એ નથી પરંતુ સાચું કારણ બિમારીઓ કે રોગ હોય છે. રોગના જીવાણું શરીરના ભાગ પર હુમલો કરે તેને નિષ્ક્રીય અને નકામો બનાવી દે છે. જીવાણુંના હુમલાથી એક અવયવ નિષ્કાર્ય બની જતા તેની સઅર શરીરા બીજા ભાગો પર પડે છે અને બીજ બધા ભાગ પણ શિથિલ થઇ જાય છે પરિણામે ઇન્સાનનું મોત થાય છે. એટલા માટે જ જો કોઇ વૈજ્ઞાનિક કોઇ એવી દવા કે સાધનોની શોધ કરે જેના કારણે તે રોગ અને બિમારીઓ નાબુદ થઇ જાય અથવા તેના જીવાણું ની અસર શરીરના કોશો અને અવયવો પર થતી અટકી જાય તો પછી ઇન્સાનની લાંબી જીંદગી શક્ય બને.

આપણે એ વાત પણ જાણી લીધી કે ઇન્સાનની લાંબી ઉમ્ર હોવી એ અશક્ય વાત નથી. એ વાત નિશંક છે કે ખુદાવંદે - કદીર એ વ્યક્તિને હજારો વર્ષ સુધી જીવંત અને સુરક્ષિત રાખી શકે છે કેમ કે લાંબી ઉમ્ર  અતા કરવાની વાત, તેની હયાતીની શરતોનું પાલન થવું વગેરે તમામ વાતો ખુદાવંદે - અઝઝવ જલની શક્તિ - કુદરતની વાત છે. ખુદા એવી વ્યવસ્થા ઊભી  કરી શકે છે જે હાલની વ્યવસ્થા કરતા ઉચ્ચ હોય. કેટલાક મોઅજીઝામાં કુદરતના કરીશમા નજરે પડે છે. જેમ કે પયગમ્બરે ખુદા હઝરતે ઇબ્રાહીમ (અ.સ.) માટે આગ ઠંડી થઇ જવું, જનાબે મુસાની લાઠીનું અજગર રબની જવું, વગેરે વગરે. આ બધા મોજીઝા એ સામાન્ય બનાવોથી વિપરીત છે. આ મોજીઝા માટે ખુદાવંદે - તઆલાયે બીજી એક વ્યવસ્થા ઊભી કરી હતી. જેનથી આ મોઅજીઝા થયા. આ બધા મોઅજીઝા વીશે માત્ર મુસલમાનો જ નહી પણ યહુદી અનેનસરાઓ પણ ઇમાન ધરાવે છે.

આ બધી વાતો જાણ્યા પછી ઇમામે ઝમાના (અ.સ.) ની લાંબી ઉમ્ર હોવાનું અશક્યમાનીએ તો પછી હ. નૂહ (અ.સ.) ની લાંબી ઉમ્ર વીશે શંકાને સ્થાન રહેતું નથી. કેમ કે, જો લાંબી ઉમ્ર વીશેની કુરઆને - શરીફની આયતો - તફસીર અને જીવશાસ્ત્રના આધુનિક સંશોધન અને રહસ્યસ્ફોટ સંપુર્ણ રીતે માનવાને લાયક રહેશે નહી. અને જો એમ કહીએ છે પણ સામાન્ય રીતે કુદરતી અને તબિબશાસ્ત્ર દ્રષ્ટિએ કોઇની લાંબી ઉમ્ર હોવાના દાખલા મળતી નથી. તો તેનો જવાબ એ છે કે ઇમામે ઝમાના હઝરત હુજ્જત ઇબ્નીલ હસન (અજ્જલલ્લાહો તઆલા ફરજહૂ) ની ઉમ્ર પણ અંબીયા (અ.સ.) ના અગાઉ ઉલ્લેખાએલા મોઅજીઝાની જેમ ખુદાની ફમરજી અને રહેમથી છે. જે જાહેરી રીતે હાલના કુદરતી અને તબિબશાસ્ત્રના નિયમોથી વિરૂદ્ધ જણાય છે.

આ વાતન સારાંશ એ છે કે જે ઇન્સાન ખુદાવંદે અઝઝવજલની અપાર કુદરતી કૃપાઓમાં શ્રદ્ધા રાખતો હોય અને અંબિયા (અ.સ.) ના મોઅજીઝા પર પણ યકીન અને ઇમાન ધરાવતો હોય તેણે એ હઝરત વીશે જરા પણ શંકા રાખવી ન જોઇએ કેમ કે આવી શંકા કરનાર ખુદાવંદે તઆલાનો ઇન્કાર કરનાર ગણાશે. નિશંક એવા ઇન્સાનનું ઇમાન, અમલ અને બધા જ નેક કાર્યો વ્યર્થ અને બરબાદ થઇ જવાની પૂરેપૂરી સંભાવના છે.

''ઇન્નલ્લાહ અલા હુલ્લે શયઇન કદીર''

'ખચીતજ, અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબુ ધરાવે છે.'

કહેવાય છે કે મૌલાએ દો - જહાં હ. અમીરૂલ મોઅમેનીન વલ મુત્તિકીન અલી બીન અબી તાલિબ (અ.સ.) એ જંગે સિફ્ફીનમાં તેમના સાથીઓ (ખ્વારીજો)ને મોઆવીયા સાથે જંગ કરવાનું નિમંત્રણ આપ્યું, પરંતુ તે લોકોએ તે સ્વીકાર્યું નહી. તેઓએ જાતજાતના બહાન કાઢ્યા અને જંગ માટે તૈયાર થયા નહી.

''અજબ બેદરકાર અને બેખબર હતા એ લોકો''

ઇમામ હસન (અ.સ.) એ મોઆવીયા સાથે જંગ કરવા માટે તેમના સાથીઓને જુદી જુદી ટૂકડીઓ સાથે રવાના કર્યા. એ બધાને પોતાનું (ગુલામ તરીકે) વેચાણ કરી દીધું અને ઇમામ (અ.સ.) ની મદદ કરી નહી અને વેરવિખેર થઇ ગયા. આમ, હકને તિરસ્કૃત અને બદનામ કર્યો.

''અજબ બેદરકાર અને બેખર હતા એ લોકો''

ઇમામે હુસૈન (અ.સ.) ને કુફાવાસીઓ તરફથી ૧૮૦૦૦ પત્રો મળ્યા તે પછી ઉમ્મતની સુધારણા કરવાની નિય્યતથી તેઓ કુફા જવા રવાના થયા પણ ત્યાં જઇને જોયું તો ૧૮૦૦૦ માંથી માત્ર ૪૦ જણા એવા હતા જેણે તેમનો વાયદો ખરેખર વફા કર્યો. બાકીના લોકોએ ખલીફ - એ - ખુદા, જાનીશને - પયગમ્બર, અલીના જીગરના ટૂકડા, ફાતેમા (સ.અ.) ના નૂરે - નજરે જાનવર જેવી યઝીદી ફૌજ વચ્ચે, આપના શરીરના ટૂકડે - ટૂકડા કરી દેવા માટે એકલા અટુલા છોડી દીધા.

''અજબ બેદરકાર અને બેખર હતા એ લોકો''

કહેવાય છે કે : કરબલાના બનાવ પછી જ્યારે ઇમામ સજ્જાદ (અ.સ.) ને કૈદી બનાવી દરબારે - યઝીદમાં રજુ કરવામાં આવ્યા, તે પછી આપ જ્યારે મદીના પાછા ફર્યા ત્યારે જે લોકોએ તેમના પિતા હઝરત ઇમામ હુસૈન (અ.સ.) ને મદદ કરી ન હતી તેવા લોકોએ હઝરત સજ્જાદ (અ.સ.) ને અપમાનિત કર્યા અને ખૂબ જ ખરાબ શબ્દો (માઅઝલ્લાહ) ફરઝંદે અલી અને હુસૈન (અ.સ.) ને ડરપોક અને બીકણ કહ્યાં અને તે રીતે ઉતારી પાડવાની કોશિશ કરી.

''અજબ બેદરકાર અને બેખર હતા એ લોકો''

ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.) તેમના ફરઝંદ ઇમામ સાદીક (અ.સ.), ઇમામ કાઝીમ (અ.સ.) અને ઇમામે રેઝા (અ.સ.) ખોલફાએ બની અબ્બાસના જમાનામાં તેમના જુલ્મો સિતમો કૈદની અને નજરબંદીની તકલીફો વેઠી અને મુશ્કેલીમાં રહ્યા. તેમને કોઇ પણ રીતે આરામ મળ્યો નહી. તેમ છતાં તેઓએ સબ્ર કરી, એટલું નહી એ જમાનાના લોકોએ પણ તેમનું રક્ષણ કર્યું નહી અને તેમનાથી વિમુખ રહ્યા.

''અજબ બેદરકાર અને બેખર હતા એ લોકો''

ઇમામ મોહમ્મદ તકી (અ.સ.), ઇમામ અલી નકી (અ.સ.) અને ઇમામ હસન અસ્કરી (અ.સ.) જાલીમ અને અત્યાચારી અબ્બાસી ખોલફાના જમાનામાં તેમના જુલ્મો - સિતમ વચ્ચે જીવન વ્યતીત કરતા રહ્યાં. તેમના સાથીઓ અને દોસ્તીનો દાવો કરનારાયે તેમની મદદ કરવાના બદલે તેમનાથી મોં ફેરવી લીધું.

''અજબ બેદરકાર અને બેખર હતા એ લોકો''

આપણે જ્યારે ઇતિહાસના પૃષ્ઠો પર નજર ફેરવીએ છીએ ત્યારે જાણવા મળે છે કે આપણા મહાન ઇમામોને જાતજાતની તકીલીફો અને મુસીબતો ઉઠાવવી પડી હતી એ મુસીબતોનું વર્ણન જાણીને આપણે રૂદન કરીએ છીએ. જ્યારે આપણે ફર્શે - અઝા બીછાવીએ છીએ ત્યારે આપણે એ જમાનાના શિયાઓના સ્વાર્થપણા, અવગણના અને એ મહાન નેઅમતો પ્રત્યે તેમની બેદરકારી માટે અફસોસ કરીએ છીએ.

એક તરફ તો આપણે જમાનાના ઇમામ હઝરત મહદી (અ.સ.) જેઓ ગાયબ છે. તેઓની હયાતીનો ફાયદો આપણે સતત મેળવતા રહ્યા છીએ. તેમની કૃપા, દયા અને ગૈબી મદદનો લાભ મળતો રહે છે. જ્યારે બીજી બાજુ આપણે જોઇએ છીએ કે આપણા આકા અને મૌલા હઝરત હુજ્જત અજ્જલલ્લાહો તઆલા ફરજહનું નામ બહુ ઓછા લોકોની જીભ પર આવે છે. આપણે શીયાયાને આલે મોહમ્મદ આપણા જમાનાના ઇમામ (અ.સ.) ને ઓળખતા નથી. દિવસો, અઠવાડિયાઓ અને મહીનાઓ ઝડપથી વીતતા જાય છે. પણ આપણે આપણા જમાનાના ઇમામ (અ.સ.) નું નામ લેતા નથી કે સાંભળતા ય નથી. નમાઝો, દુવાઓ અને મજલીસો યોજાય છે, પણ તેમાં હઝરત (અ.સ.) ના અસ્તિત્વ વીશે બહુજ ઓછું બયાન આપવામાં આવે છે. તેઓના ઝહૂરની તમન્ના દીલના ઊંડાણથી ભાગ્યે જ ક્યારેક કરવામાં આવે છે.

આપણી બધીજ વાતો રીત - રીવાજ પૂરતી જ બની રહે છે.

ક્યાંક એવું ન થાય કે આવનારી પેઢીના લકો આપણા વંશજો - આપણા વંશજો - આપણા વીષે એવું ન કહે કે.......

''અજબ બેદરકાર અને બેખર હતા એ લોકો''

શું આપણે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) અને ઇમામ હસન (અ.સ.) ના એ સાથીઓને ધિક્કારના મદદ અને તેમનું રક્ષણ કર્યું ન હતું? સાથે સાથે આપણે એ પણ વિચારવું જોઇએ કે આપણે શું કર્યું? જો કયામતના દિવસે ખુદાએ – તઆલા આપણને પ્રશ્ન કરશે કે તમે તમારા જમાનાના ઇમામ (અ.સ.) ની ગૈબત જમાનામાં તેમની સાથે તેમના માટે કેવુ વર્તન કર્યું હતું? ત્યારે આપણી પાસે તેનો શું જવાબ હશે ? એ વખતે આપણે શું બહાનું રજુ કરીશું ? આપણે ઇમામે ઝમાના (અ.સ.) ના મુકદ્દસ વજુદ અને તેમની ગૈબતને સાબિત ક્રવા માટે કોઇ નક્કર પ્રયત્નો કર્યા છે ખરા? આ વિષયમાં આપણે કોઇ પગલા લીધા છે ખરા? શું આપણે ઇમામે ઝમાના (અ.સ.) ની સલામતી અને ઝુહૂર માટે નમાઝો પઢીને મુનાજાતોમાં આજીજી પૂર્વક ગળગળા થઇને દુવાઓ કરી છે ? શું આપણે ક્યારેય વૈજ્ઞાનિક સંશોધનોનો આધાર લઇને ઇસ્લામના દુશ્મનોનું મુખ બંધ કરવા પ્રયત્નો કર્યા છે ખરા? જો આપણી માતા કે બીજા કોઇ નજદીકના સગા સફરમાં ગયા હોય અને અમૂક સમય સુધી તેના કોઇ ખબર ન મળે, તે પાછા પણ ન થાય તો આપણા દીલને કેટલો રંજ થાય છે? આપણે તેમની સલામતી અને સુખરૂપ પાછા ફરે તે માટે કેટલી દુવાઓ કરીએ છીએ? શું આપણે આપણા ઇમામે ઝમાના (અ.સ.) ને એટલા પણ નથી ચાહતા? આપણે આપણા સગા – વહાલા સાથે જેટલી મોહબ્બત હોય છે તેટલી મોહબ્બત પણ ઇમામ (અ.સ.) સાથે નથી?

''અજબ બેદરકાર અને બેખર છીએ આપણે''

હઝરત મહદી (અ.સ.) ના દાદ – પરદાદાઓ એ તેઓની ખિલાફત પહેલા તેમની યાદ અને પ્રસંશા કરી હતી. એ હઝરત (અ.સ.) નું નામ લેવામાં આવતું ત્યારે તેઓ માનભેર ઊભા થઇ જતા. ખુદાના તે નેક અને માઅસુમ (અ.સ.) કાયમે આલે મોહમ્મદ (હ. મહદી અ.સ.) ના ઝુહૂર માટે દુવા કરતા હતા.

કુરઆને – મજીદ ખોલીયે છીએ ત્યારે તેમાં જોવા મળે છે કે ખુદાવંદે અઝઝવજલ જુદી જુદી જગ્યાએ ફરમાવે છે કે ''ગાફીલ ન રહેતા'' આપણે એ હઝરત (અ.સ.)થી ક્યાં સુધી ગાફીલ રહેશું? માટે આવો આપણે એ વાત નક્કી કરી લીએ અને ખુદાવંદ તઆલાથી દુવા કરીએ કે :

હવેથી આપણને ગફલત, અજાણપણા અને બેવફાઇથી સુરક્ષિત રાખે. આપણ ઇમામે ઝમાનાના વજુદ માટે ખુદાનો શુક્ર કરએ. એમની બારગાહમાં મુનાજાત કરીએ અને આપણી જરૂરતો તેમની સમક્ષ રજુ કરીએ. મરહૂમ આયતુલ્લાહ મુકદ્દસે અર્દબેલી (રીઝવાનુલ્લાહ અલયહ) ના જીવન ચરિત્રમાં એ વાત જોવા મળે છે કે : તેઓ ફરમાવતા હતા 'જ્યારે કેટલાક મસઅલાઓ મને મુશ્કેલ લાગતા, જેનો જવાબ શોધવામાં મને સમર્થતા લાગતી, ત્યારે હું મૌલાએ કાયેનાત હઝરત અલી (અ.સ.) ની ઝરીહે – મુબારક પાસે જઇને અરીઝા (પ્રશ્નને લખીને) રજુ કરતો અને એ હઝરત (અ.સ.) તરફથી મને જવાબ મળી જતા. પરંતુ એક રાતે હઝરત અલી (અ.સ.) એ મને હુકમ આપ્યો કે તમે મસ્જીદે – કુફામાં જાવ મારા ફરઝંદ મહદી (અ.સ.) ત્યાં હાજર છે તે તમારી ઝમાનાના ઇમામ છે તેમની પાસે જાય છે અને મસાએલના જવાબ તેમની પાસેથી મેળવો' મુકદ્દસ અર્દબેલી (ર.અ.) નું કહેવું છે કે : ''હું મસ્જીદે – કુફામા ગયો, મારા જમાનાના ઇમામ (હ. મહદી અ.સ.) ને જોયા તેમની સાથે વાતચીત કરી અને મારા મસઅલાના જવાબ મળ્યા.'' (''મુન્તખબુલ અસ્ર'')

ખાલિકે મિલ્લત

કુછ શિર્ક કી ઝર્દી હૈ, કુછ ગાઝએ બિદઅત હૈ,
ક્યા કોમ કે ચેહરે કી બદલી હૂઇ રંગત હૈ!
હરબાત ઝબાની હૈ હર કામ દિખાવે કા,
જૈસે કે નુમાઇશકી, ઇસ્લામકો હાજત હૈ!
જુકે જાતે હે વોહ સર ભી મીમ્બર યેહ જો ઉઠતે હૈ,
અબ મઝહબો - મિલ્લત પભર ક્યા કબઝએ દૌલત હૈ!
કિરદારકી અબ કોઇ, વકઅતહી નહી ગોયા
ઝરકાર લિબાસોંકી હર બઝમમે ઇઝઝત હૈ!
ઢલતેંહે મસાએલ ભી, અંદાઝ તબીયત પર,
ઇસ વક્ત ઝરૂરત કા મફહુમ શરીયત હૈ!
હૈરાં હે રવાદારી, ગૈરોસે નિયાઝ ઐસા,
શાદાં હૈ અદૂ ઐસી આપસમેં અદાવત હૈ!
મહરૂમ અમલ હર એક હમદર્દી - એ - મિલ્લતે મેં,
તકરીર કે કિસ બલ પર માઇલ - બ - કયાદત હે!
નાઝિશ હૈ ગુનાહો પર, બદલી હુઇ રાહોં પર,
ફીર મંઝીલ હસ્તી મેં, રહેબરી કી ઝરૂરત હૈ!
દમ ઘૂટતા હે મસ્જીદ કી, બેરબ્ત ફઝાઓ મેં
ઇસ દૌરમેં કુરઆન કી ઉતરી હૂઇ સુરત હૈ!
મિલ્લત કે સંભલને કી ઉમીદ નહી કોઇ,
અય સાહેબે અસ્ર આજા, અબ તેરી ઝરૂરત હૈ!
તૂ દેખ રહા હૈ ખુદ, મિલ્લત કી ઝબૂં હાલી,
અય તેગ બકફ તેરે ઇસ ઝબ્ત પે હૈરત હૈ!
તૂહી ન અગર હોતા, ઇન્સાં કહાં હોતા,
ગયતી પે તેરે દમસે કાયમ બશરીયત હૈ!
યેહ રાઝે બકા તેરા જલ્વહ હી બતાએગા,
કબસે અવ્વલીયત હૈ કબતક અબ્દીય્યત હૈ!
તખ્લીક હૈ મિલ્લત કે ઇસ દૌર કે સબ રહબર
તૂ એક હી રેહબર હે, તૂ ખાલિકે - મિલ્લતે હૈ!

- ખાવન નૂરી

- હઝરત ઇમામ મહદી (અ.સ.) ને ''કાએમ'' ઉપનામી શા માટે સંબોધવામાં આવે છે?
- ''કોઅમ'' શબ્દ કઇ બાબત તરફ અંગુલિનિર્દેશ કરે છે?
- કેટલાક લોકો ''કાએમ'' નામ સાંભળીને તુરત જ માનપૂર્વક ઊભા શા માટે થઇ જાય છે?

જવાબ : ઘણી રિવાયતોમાં એ હઝરતને 'કાએમ'ના નામથી સંબોધવામાં આવ્યા છે. એટલે ધી કે કેટલાક તાકાત પ્રદર્શીત કરવી પડે તેવા સંજોગોમાં કેટલાક માઅસુમીન (અ.સ.) ના જમાનામાં તેમના પર જુલ્મો - સિતમ ગુજારવામાં આવતા. પરંતુ ખુદાવંદની મસ્લહતના કારણે તેઓને મૌન રહેવું પડતું અને તેઓ ત સંજોગોનો સમાનો કરવા માટે (મસ્લહતે - ખુદાના કારણે) અસહાય હતા ત્યારે તેઓ હઝરત મહદી (અ.સ.) ને યાદ કરીને ફરમાવતા. :

''અમારા કાએમ અને તમામ કામ અને સંજોગોન અનુકુળ બનાવશે.''

કાએમ એટલે કયામ કરનાર - રહેનાર

ઇન્કલાબ - પરિવર્તન લાવનાર. હઝરત મહદી (અ.સ.) નો ઇન્કલાબ સમગ્ર દુનિયામાં થશે. સમગ્ર માનવ ઇતિહાસે તેવો ઇન્કલાબ કદી જોયો નહી હોય! તેમજ જેવી હુકુમત (વિશ્વ સરકાર) ની રચના કદી નહી થઇ હોય તેવી હુકુમતની સ્થાપના થશે. એટલા માટે હઝરત (અ.સ.) ને ''કાએમ'' ના લકબથી યાદ કરવામાં આવે છે.

હવે રહી એ વાત કે કેટલાક 'કાએમ' નામ સાંભળતા ઊભા થઇ જાય છે, અથવા તો તે નામ બોલતા - બોલતા ઊભા જાય છે. તેનું કારણ શું છે? આ એક પ્રકારનો નેક અને મુસ્તહબ અમલ છે. આમ કરવામાં ઇમામ (અ.સ.) પ્રત્યે આદરભાવ, વિવેક અને લાગણી પ્રદર્શીત થાય છે. તે ઉપરાંત આ કાર્ય લોકોને હુજ્જતે ખુદા (અ.સ.) ની હાજરી અને ઇન્કલાબ - પરિવર્તનની યાદ દેવડાવે છે અને લોકોને એક અમલી નસીહત થાય છે કે 'કાએમ' નામનો ઝીક્ર થાય ત્યારે બધાને ઊભા થઇને એ હઝરતના આગમન અને ઇન્કલાબના ઇચ્છુક રહેવું જોઇએ. આ રીતે આદરપૂર્વક ઊભા થનાર જાણે કે તમામ નબીઓ, ઇમામો, દુનિયાના મઝલુમોની આરઝુઓ વિશ્વના ધડકતા દીલ સમા માઅસુમ રહેબર અને માર્ગદર્શકના ઇન્કલાબ માટે જમીન ઉપર સાનુકૂળ વાતાવરણ ઊભુ કરી રહ્યા છે.

આ પ્રકારનો રિવાજ હ. ઇમામ જઅફર સાદિક (અ.સ.) ના જમાનાથી અહલેબત (અ.સ.)ના દોસ્તોમાં પ્રચલિત હતો. રિવાયત છે કે હઝરતે ઇમામે રેઝા (અ.સ.) ની ખિદમતમાં જ્યારે પણ 'કાએમ' શબ્દનો ઉલ્લેખ કરવામાં આવતો ત્યારે ઇમામે રેઝા (અ.સ.) ઊભા થઇ જતા અને પોતાના માથા પર હાથ રાખીને ફરમાવતા :

'અલ્લાહુમ્મા અજજીલ ફરજહ વ સહહીલ મખરજહ'

''ખુદાયા, તેઓનું અમારા વચ્ચે આગમન વ્હેલું કર, અને તેમના ઝુહૂર અને ઇન્કલાબ - પરિવર્તનનો માર્ગ સરળ કર.''

(''અવ્વલીન દર્સગાહ ઔર આખરિન પયગમ્બર'' જી. ૨ પા. ૨૨૦)

હોદલ'લીલ મુત્તકીનલ' લઝીન યુઅમેનૂન બીલ ગૈબ
''જે લોકો અદ્રશ્ય બાબતોમાં માને છે... ગુનાહોથી બચનારા તથા
પરહેઝગાર છે, તેમના માટે કુરઆન હીદાયત છે.'' (સૂ. બકરહ ૨ :૩)

હાફીઝ સુલેમાન કન્દૂઝી 'હનફી' તેમની કિતાબ 'યનાબીઉલ મવદ્દત' માં તેમના ઉસ્તાદથી, જાબિર બીન અબ્દુલ્લાહ અન્સારીથી રિવાયત રજુ કરતા બયાન કરે છે. :

જંદલ બીન જુનાદેહ બીન જબીર યહુદી રસૂલે ખુદા (સ.અ.વ.) ની ખિદમતમાં આવ્યા અને પોતાના એક પ્રશ્નનો જવાબ મળતા ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો. ત્યાર પછી હુઝુર (સ.અ.વ.) ને તેમના અવસીયા (વારસદારો) વીશે પૂછ્યું . પયગમ્બર (સ.અ.વ.) એ અવસીયાના નામ કહેવા શરૂ કર્યા ત્યાં સુધી કે આપે ફરમાવ્યું.... 'તેમના પછી (એટલે કે ઇમામ હસન અસ્કરી (અ.સ.) પછી તેમના ફરઝંદ મોહમ્મદ (અ.સ.) છે. જેઓ મહદી કાએમ અને હુજ્જતના નામથી ઓળખાશે તેઓના માટે એક ગૈબત હશે ત્યાર પછી જ્યારે તેઓ જાહેર થશે અને ઇન્કલાબ (પરિવર્તન) લાવશે, ત્યારે આ જમીન જે રીતે અને જેટલી જુલ્મો - સિતમથી ભરપૂર હશે તેટલી જ અદલો - ઇન્સાફથી ભરપૂર થઇ જશે. કેટલા ખૂશનશીબ હશે એ લોકો જે તેમની ગૈબતના જમાનામાં ધીરજ અને અડગતાથી કામ લેશે અને તેમની એટલે કે હ. મહદી (અ.સ.) અને તમામ અઇમા (અ.સ.) ની મહોબ્બત સાથે અટલ રહેશે એવા લોકોના લક્ષણો ખુદાવંદે - આલમે પોતાની કિતાબમાં બયાન કરતા ફરમાવ્યું છે,' ''હોદલ લીલ મુત્તકીનલ લઝીન યુઅમેનુન બીલ ગૈબ.'' (''યનાબીઅ'')

મોઅલ્લીફ (અસલ લખાણના કર્તા) કહે છે 'મુત્તકીન' એ ઇમામ મહદી (અ.સ.) પર ઇમાન અને યકીન રાખનારાઓ છે અને 'ગૈબ' નો અર્થ એ છે કે જે પાંચેય ઇન્દ્રીઓથી છુપાએલા હોય. જે રીતે ખુદાવંદ આલમ ગૈબ છે. જે રીતે ગૈબ હોવાને ગાયબ કહે છે. ખુદાવંદે - આલમ પાંચેય ઇન્દ્રીથી જોઇ - અનુભવી શકાતો નથી આપણે આખેરતને પણ જોઇ - અનુભવી શકા નથી. બિલ્કુલ એવી જ રીતે ઇમામ મહદી (અ.સ.) પણ ગાયબ છે. ગૈબતે ઇમામના જમાનામાં ઇમામ (અ.સ.) ને સામાન્ય રીતે જોઇ કે ઓળખી શકાશે નહી. (પહેલાતો તેઓને જોઇ જ નહ શકાય અનેજો કદાચ કોઇ જોઇ શકે તો તેઓને ઓળખી શકશે નહી બહુ જ થોડા લોકો એવા હશે જેઓ તેઓની ઝીયારતથી મુશર્રફ થયા હોય અથવા મુશર્રફ થશે.)

'ફન ફજરત મીન હુસનતા અશરતા અયના'

- પછી તેમાથી બાર ઝરા ફૂટી નીકળ્યા.

(સુરએ બકરહ - ૬૦)

અલ્લામા કબીર સૈયદ હાશીમ બહરૈની તેમની કિતાબ 'ગાયતુલ મરામ' માં ફકીહ અબુલ હસન બીન શાઝાન (શેખ ફકીહ અબુલ હસન મોહમ્મદ બીન એહમદ બીન અલી બીન હસન બીન શાઝાન - જેઓ 'ઇબ્ને - શાઝાન' ના નામથી વિખ્યાત છે. તેમજ શેખ મુફીદાના સાથીઓ પૈકીના છે તેમજ ''ઇન્સાહ દફાએનુન નવાસેબ''ના કર્તા છે. તેમની કિતાબમાં એકસો મનાકીબ (પ્રસંશા પંક્તિઓ) નો ઉલ્લેખ છે. જે ''મેઅતા - મનાકીબ'' ના નામે ઓળખાય છે. ''નજમુ સાકિબ'' પા. ૩૩૬) તેમની કિતાબ અલ - મનાકેબુલ મે - અ - ત મીન તરકીલ - આમમહ' (જેમાં ૧૦૦ ગૈર - શીયા રાવીઓની પ્રસંશા પંક્તિઓ છે.) જેમાં શીયા રાવ ઇબ્ને અબ્બાસની સનદોના હવાલા અપાયા છે. તેમાં રિવાયત છે કે : ''મેં રસૂલે ખુદા (સ.અ.વ.) થી સાંભળ્યું : (આ લાંબી હદીસનો સારાંશ અત્રે રજુ કરીએ છીએ.) જે ઇન્સાને મારી પૈરવી, તાબેદારી ખુશ કરે તેમણે મારા વસી હઝરત અલી ઇબ્ને અબી તાલીબ અને મારી નસ્લમાંથી બનનાર ઇમામોની વિલાયત, મોહબ્બત, તાબેદારી અને સરપરસ્તી કબુલ કરવી જોઇએ. કેમ કે તેઓ મારા ઇલ્મના ભંડાર અને રક્ષક છે.'' આ હદીસ સાંભળીને જાબિર ઇબ્ને અબ્દુલ્લાહ ઊભા થઇ ગયા અને વિનંતી કરી. 'અય ખુદાના રસૂલ, એ ઇમામોની સંખ્યા કેટલી છે?' આં હઝરત (સ.અ.વ.) ફરમાવ્યું : 'અય જાબીર ખુદાવંદે - આલમ તારા પર રહમત નાઝીલ ફરમાવે તમે મને આખા ઇસ્લામ વીશે પૂછી લીધું. એટલે સુધી કે આપે ફરમાવ્યું : એ ઇમામોની સંખયા એ ઝરાઓ (ઝરણાઓ) જેટલી છે જે મુસા બીન ઇમરાને તેમની લાઠી પથ્થર પર મારી ત્યારે તેમના માટે વ્હેતા થયા હતા. અને એ સંખ્યા બારની હતી.'

(''ગાયતુલ મરામ'' - ૨૪૪)

મોઅલ્લીફ (લેખક :) : જ્યાં સુધી પયગમ્બર (સ.અ.વ.)

ો પ્રશ્ન છે, આપ એ વ્યક્તિ છે જેમણે બાર ઇમામોનો ઉલ્લેખ કર્યો છે. જેનું ઉદાહરણ એ બાર ઝરાઓથી આપ્યું છે જેના વીશે કુરઆનમાં આયત નાઝીલ થઇ છે. તેથી રસૂલ (સ.અ.વ.) ની પૈરવીમાં અમોએ પણ અત્રે તેનો ઉલ્લેખ કર્યો છે.

''યા અય્યોહલ લઝીના આમનુસ - બેરૂ વ સાબેરૂ વ રોબ - તૂત - તકુલ્લાહ લઅલ્લકુમ તુફલેહુન''

''અય ઇમાન લાવનારો! ધીરજ ધરો, રક્ષણ કરો અને સહનશીલતામાં એકબીજાની હરિફાઇ કરો અને કમર કસીલો અને અલ્લાહથી ડરતા રહો કે જેથી તમે સફળતા પામો.''

(સુરએ આલે ઇમરાન - ૨૦૦)

હાફીઝ કન્દુઝી 'હનફી' તેમની સનદોમાં ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી કુરઆનની ઉપરોક્ત આયત વીશે રિવાયત કરે છે. હઝરતે ફરમાવ્યું : તમારી વાજીબાતતી અદાયગીમાં ધીરજવાન રહો અને તમારા દુશ્મનોન ઇજાઓ અને તકલીફો સામે સડગ રહો અને તમારા ઇમામ મહદી મુન્તઝર સાથે સંપર્ક કાયમ રાખો. (''યનાબીઅ'' પા. ૫૦૬)

મોઅલ્લીફ (લેખક) : પોતાની જાતને (અથવા પોતાના જીવને) હ. મહદી (અ.સ.) સાથે મજબૂતીથી સંલગ્ન રાખો. તમારી રૂહોને હઝરત (અ.સ.) ની યાદમાં પરોવાએલી રાખો. ઉપરની આયતમાં એ બાબત તરફ ઇશારો કરવામાં આવ્યો કે તે હઝરત (અ.સ.) ના પવિત્ર પર પુખ્ત યકીન રાખવું જોઇએ અને તેમની બારગાહમાં જેહાદ માટે કોઇ પણ પ્રકારની બળજબરી વગર સ્વેચ્છાએ રજુ થવા ત્વરીત ઇચ્છુક રહેવું જોઇએ.

''ફ આમેનુ બિલ્લાહે વ રસૂલેહી વન' નુરીલ્લઝી અનઝલના. વલ્લાહો બેમા તઅ' મલુન ખબીર''

''માટે અલ્લાહ પર, તેના રસૂલ પર અને એ તૂર પરજેને અમોએ નાઝલિ કર્યું છે, ઇમાન લાવો અને તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સારી પેઠે માહીતગાર છે.'' (સૂ. તગાબૂન-૮)

હાફીઝ અબુ જઅફર મોહમ્મદ બીન જરીર તબરી (વફાત હી. ૩૧૦) તેમની કિતાબ ''અલ - વિલાયહ''માં ઝૈદ બીન અરકામથી રીવાયત કરે છે. જ્યારે રસૂલે ખુદા (સ.અ.વ.) તેમના જીવનની છેલ્લી હજ કરીને પાછા ફર્યા ત્યારે ગદીરે - ખુમમાં ઉતર્યા. ઝોહરની નમાઝનો સમય હતો. અસહય ગરમી હતી. આપે પાંદડાથી ભરપૂર વૃક્ષો તરફ જવાનો હુકમ ફરમાવ્યો. ત્યાર પછી ઊભા થઇને કહ્યું : 'નમાઝે - જમાઅત' અને લકો ઊભા થઇ ગયા. ત્યાર પછી હુઝુરે (સ.અ.વ.) વિધ્વતા અને અર્થપૂર્ણ પ્રવચન આપવાનું શરૂ કર્યું. આપે કુરઆની ઉપરની આયતનો ઝીક્ર ફરમાવ્યો. અર્થાત અલ્લાહ પર તેના રસૂલ પર અને તેણે ઉતારેલા નૂર પર ઇમાન લાવો. પછી ફરમાવ્યું એ નૂર મારામાં છે પછી અલીમાં ત્યાર પછી તેના વંશજમાં એટલે સુધી કે 'કાએમ - મહદી' માં પહોંચ્યું છે.

''ફલા અુક'સેમો બીલ ખુન્નસ''

''તો અમે એ સિતારાઓની કસમ''

(સૂ. તકવીર - ૧૫)

હાફીઝ કન્દુઝી હનફી ખુદાવન્દે - તઆલાના ઉપરના કૌલ વીશે હ. ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) થી રિવાયત કરે છે. આપે ફરમાવ્યું આ આયતમાં ફઆવેલ શબ્દ 'ખુન્નસ' નો અર્થ એ ઇમામ છે જે ગાયબ ગથઇ જશે. એટલે કે હી. ૨૬૦માં ગાયબ થઇ ગયા પછી એક ઝળહળતા સિતારાની જેમ ઝુહૂર ફરમાવશે.

(''યનાબીઅ'' - પા.૫૧૫)

મોઅલ્લીફ (લેખક) : 'ખુન્નસ' નો અર્થ છુપા અને ગાયબ રહેનાર એવો થાય છે. આ આયતની તફસીર એ સિતારાઓ વીશે છ જે નજરોથી અદ્રશ્ય થઇ જાય છે.અને આ આયતનું અર્થઘટન ઇમામે મહદી (અ.સ.) વીશે છે કારણે કે જ્યારે ખુદાવન્દે - આલમે તેઓને ગૈબતનો હુકમ આપ્યો ત્યારે થવાનો હુકમ આપશે ત્યારે એક ઝગમગતા સિતારાની જેમ જાહેર થશે.

આ હદીસ શરીફ ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ના મોઅજીઝા માહેની છે. જેમાં એ હઝરતની ગૈબતની ખબર અપાઇ છે, કેમ કે ઇમામ મહદી (અ.સ.) ની ગૈબત હી.૨૬૦માં એટલે કે ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ની શહાદતના એકસો વર્ષથી થોડા સમય પછી થઇ હતી.

આગહી

પહેલા ઇમામ હ. અલી (અ.સ.) ની છેલ્લા ઇમામ
હ. મહદી (અ.સ.) અને આવનારા ઝમાના વિષે

''નહજુલ બલાગાહ'' વિષે ભાગ્યે જ કોઇ મુસલમાન અજાણ્યો હશે. આ એક એવી કિતાબ છે જેમાં હઝરત અલી ઇબ્ને અબી તાલીબ (અ.સ.) ના પ્રવચનો, પત્રો અને બોધવચનોનો સંગ્રહ છે .

હ. અલી (અ.સ.) પોતાના ફરઝન્દે - અરજુમન્દ હઝરત ઇમામ મહદી (અ.સ.) વિષે અને આવનારા ઝમાના વિષે શું ફરમાવે છે? આવો આપણો એક નજર એ કિતાબ ઉપર નાખીએ.

''હઝરત અલી (અ.સ.) ફરમાવે છે :''

''લોકોએ જ્યારે હિદાયતોને વાસનાઓ (ખ્વાહીશો) તરફ પ્રેરી હશે એ વખતે એ (ઇમામે મુન્તઝર અ.જ.) વાસનાઓને સનમાર્ગ તરફ પ્રેરશે. તેઓએ કુરઆને (મારી મચડીને) તર્કો અને અંગત અભિપ્રાયો પર ઢાયું હશે એ સમયે એ અનુમાતિત અભિપ્રાયોને (મત) કુરઆન તરફ દોરશે.''

''એ સત્યના દાવેદારની પહેલા (એટલે ઇમામ મહદી અ.સ.ની પહેલા) વાત એટલે સુધી આગળ વધી થઇ હશે કે લડાઇ દાંત ખોલીને અને દુધભર્યા આંચળે ઊભી થઇ હઇ હશે. એનું દૂધ મધૂર અને મનગમતું લાગશે પણ એનું પરિણામ કડવું અને અણગમતું આવશે.

હા, કાલ અને તે કાલ બહુજ પાસે છે એની વસ્તુઓ લઇને આવી જશે કે જે હમણા અમે ઓળખતા નથી. હાકેમ અને વાલી, જે એ જમાઅતમાંથી નહિ હશે, બધા શાસકોને એમના હુકમો માટે પકડશે. ઝમીન એની સામે પોતાના ખજાના ખુલ્લા કરી દેશે અને (એના ખજાના)ની ચાવીઓ અને સ્વાધીન કરી દેશે. એટલે એ તમને બતાવશે કે સત્ય અને ન્યાયની ચાલ કેવી હોય છે અને તે મુત્યૃવશ (દમતોડનાર) કિતાબ અને સુન્નતને પુનર્જીવન (નવજીવન) આપશે.''

''કેમ નહિ જાણે કે હું એ દ્રશ્ય (દિખાવ) જોઇ રહ્યો છું કે એ (જુટ્ઠાણાનો દાવોદાર) શામમાં ઊભો ઊભો લલકારી રહ્યો છે અને કુફાની આજુબાજુમાં પોતાના ઝંડા લહેરાવી રહ્યો છે. તેમજ કરડી ખાનારી ઊંટણીઓની પેઠે એના પર (હુમલો કરવાને) ઝુક્યો છે. અને જમીન પર માયાઓની જાજમ બીછાવી દીધી છે. એનું મોઢું ફાડી ખાવા માટે પહોળું થઇ ચૂક્યું છે અને જમીન પર એની પાયમાલીઓ બહુ જ સખત થઇ ચૂકી છે, અને બહુ દૂર દૂર સુધી આગળ વધી જનારો અને ખૂબ જ જોરશોર સાથે હુમલો કરનારો છે.''

''ખુદાની કસમ, એ ઝમીનના ખૂણાઓ સુધી તમારૂં વેરણછેરણ કરી નાખશે અને તે એટલી હદ સુધી કે તમારામાંથી ઘણા થોડા જ આંખમાં સુરમા જેટલા જ તેમાથી બચી જશે.''

''તમે સંગીન પથો અને પ્રકાશિત નિશાનીઓ પર અને એ જ નીકટના ઓહદા ઉપર પગ જમાવીને મક્કમતાથી કાયમ રહો કે જે પંથો પ્રતિકો અને અમલ પર નબુવ્વતના પાયેદાર અવશેષો (આસાર) પડેલાં છે અને તમને માલુમ હોવું જોઇએ કે શૈતાન પોતાના પગલે પગલે ચલાવવા માટે સરળ રાહો બાવતો રહે છે.''

''જુઓ, અમારા (અહલેબયત) માંથી જે તેને (આ ફિત્નાનો સમય) પામશે તે એમાં (હિદાયતનો) દીવો લઇને આગળ આવશે અને નેક લોકો વાટમાર્ગો પર ડગ માંડશે. જેથી વાળેલી ગાંઠો ખોલે, બંદાઓને આઝાદ કરે, જરૂરત અનુસાર સાંધેલાને તોડે અને તોડેલાને સાંધે. એ (લોકોની નજરોથી) છુપો હશે, ખોજ લગાડનારો સતત નજરો માંડવા છતાં એના પગલાના નિશાનોને જોઇ નહી શકે. એ વખતે એ કૌમને (સત્યની સરાણ પર) એવી રીતે તેજ કરવામાં આવશે જેવી રીતે લુહાર તલવારની ધારને તેજ કરે છે. કુરઆન દ્વારા એમની આંખમાં તેજ આવશે. તેના હેતુ અર્થો એમના કાનો પર અથડાતા રહેશે અને દાનાઇના છલકતા સાગરો સાંજ પાડવામાં આવશે.''

-''નહજુલ બલાગાહ''- ખુત્બા નંબર ૧૩૬ અને ૧૪૮ માંથી મોઅલ્લીફ અલ્હાજ ગુલામેઅલી સાહેબ (અ.મ.)

બિસ્મિલ્લાહ - હીર - રહમાનીર - રહીમ

અલ્લાહુમ્મ ઈન્ના નર્ઈ ગબો એલયક ફી દવલતીન કરીમહ તો - ઇઝઝો બેહલ' ઇસ્લામ વ અહલહ વ તોઝીલ્લો બેહન્નેફાક વ અહલહ વ તજઅલ'ના ફીહા મેનદ દોઆ - તે એલા તાઅતેકા વલ કાદતે એલા સબીલેક વ તરઝોકોના બેહા કરામતદદુન્યા વલ' આખેરહ.

ખુદાયા અમે તારી પાસે ઉમ્મેદવાર છીએ કે ઇમામે ઝમાના (અ.સ.) ના માધ્યમથી દયાળું હુકુમતની સ્થાપના કર. ઇસ્લામ અને મુસલમાનોને તેનથી ઇઝઝત અતા કર. દંભ અને દાંભિકોને હલકા પાડ. સત્યના સામ્રાજ્યમાં તારી તાબેદારી કરવાની પ્રેરણા આપનારા વર્ગમાં અમોને સ્થાન આપ. અને તારી હિદાયતના માર્ગ તરફ માર્ગદર્શન કરનારાઓમાં પ્રવેશ આપ. એ મહાન મરતબાવાળા ઇમામના વાસ્તાથી અમને દુનિયા અને આખરેતમાં ઇઝઝત અને બુઝુર્ગીની મહાનતાથી નવાજ.

ગૈબતે સુગરાના ઝમાનામાં હઝરત વલીએ - અસ્ર (અ.જ.)
ના વકીલો

બિસ્મેહી તઆલા વ બે - ઝિક્રે વલીયેહી
માનવંતા અઝીઝ - સલામ અને રહમત

કત્લથી બચવા માટે મક્કાથી મદિના હીજરત કરી ગયા, પણ થોડાં વર્ષો પછી પૈગમ્બર (સ.અ.વ.વ.) પોતાના વતન પાછા આવી ગયા. આપને ઘર છોડ્યાને સેંકડોં વર્ષ વીતી ગયા પણ, એ મૌલા! આપના ચાહકો આજ સુધી આપની રાહ જોઇ રહ્યા છેફ. મૌલા હ. અલી (અ.સ.) ની જેમ આપના હક્કો પણ છીનવી લેવામાં આવ્યા છે. નવાઇ નહી કે આપની જીભ પર પ આ શબ્દો હોય : ''મે રેવી હાલત માં ધરીજ ધરી છે કે આંખો માં કાંટા હતાં અને ગળામાં હાડકું હું કોઇ જોઇ રહ્યો હતો અને મારી રિસ લુંટાઇ રહી હતી.'' (''નહજુલ - બલાગાહ'')

મૌલા, આપના કાનોમાં આ આવાજ પણ આવતો હશે : ''મારા પર એટલી મુસીબત પડ કે દિવસ પર પડતે તો અંધારી રાત થઇ જતે.'' આજે પણ 'અલ - અતશ' 'અલ - અતશ' નો અવાજ દિલને તડપાવતો હશે. મૌલા, કલમમાં શક્તિ નથી કે તમારી મુસીબત જણાવી શકીએ.!

ખુદાની કસમ, અગર અલી (અ.સ.) નાં હક પર કબ્જો કરવામાં ન આવતે, ખુદાની કસમ જનાબે સૈયદા પર દરવાજો ન તોડી પાડવામાં આવતે - અગર પાંસળીઓ ન તુટતે, અગર અલી (અ.સ.) ને તલવારથી શહિદ કરવામાં ન આવતે, તો કોની મજાલ હતી કે જુલ્મની પરંપરા આગળ વધારતે.

એ મહેદીએ અઝીઝ, આજ આપના દોસ્તો, ચાહકો હજારો વર્ષથી આપના વિયોગનું દુઃખ સહન કરી રહ્યા છે. અને આપની રાહ જોઇ રહ્યા છે. અને દુશ્મનોને કહી રહ્યા છે કે તમો ગમે તેવા જુલ્મ કરો પણ અમારો ઇમામ સાથેનો સંબંધ અતૂટ છે. અમે ગળું કપાવી દેશું પણ ઇમામથી અલગ નહી થઇ શકીએ. લોકો જાણે છે કે આપની નેઅમત આશીર્વાદરૂપ છે. એ દિલ બિમાર છે, જેમા૦ આપનો પ્રેમ નથી. એ આંખો આંધળી છે, જેમાં આપના દિદારની તમન્ના નથી. એ કાન બહેરાં છે, જેમાં આપના અવાઝને સાંભળવાની આશા નથી.

એ યુસુફે ઝહેરા (અ.સ.), અમે અમારા વર્તણૂંક પર શરમીંદા છીએ - ગુનેગાર છીએ, તો પણ આપની ઝીયારતનાં તલબગાર છીએ?

અમે દર જુમ્માના ક્યાં સુધી ફરીયાદ કરીએ? 'અયના બકીયતુલ્લાહ, અયના મોઇઝઝુલ, અવલિયાઅ વ મોઝીલ્લુલ અઅદાઅ' (''દુઆએ અ નુદબા'')

મૌલા, અમે આપના તરફ આવવા ચાહિએ છીએ, પણ ગુનાહ અમોને રોકે છે. તમોને જોવા ઇચ્છીએ છીએ પણ ગુનાહો આડશ બની જાય છે. આપની અવાઝ સાંભળવા ઇચ્છીએ છીએ પણ નાફરમાની વચ્ચે આડી આવે છે. મૌલા, આપના દરવાજાનો સહારો છે. આપના વડવાઓની ઓથ છ. અય અઝીઝ, અમારાં ગુનાહોને ક્ષમા આપ. મૌલા, કઇ જીભથી આપને બોલાવીએ અને કઇ રીતેથી આપને ફરિયાદ કરીએ? કેમ કે જીભ સિવાઇ ગઇ છે. કલમ હારી ગઇ છે.

એ ગુલે - નરજીસ, આપની સુવાસથી અમને જીવન અર્પો.

''ખુદાયા, અમારી મુશ્કેલીઓને એમના થકી દૂર કર. અમારા વચ્ચેનાં ભેદભાવ, વેરવીખેર હાલતને, એમનાં થકી મૈત્રી અને એકતામાં પલટાવી નાખ. અમારી ઓછી સંખ્યાને એમના થકી દૂર ફરમાવ. એમનાં ઝુહૂરથી અમારી ઝીલ્લતને ઇઝઝતમાં બદલી દે. ખુદાયા, એમના થકી દિલોનાં કીનાનો સાફ કરી દે. 'દિલોની' બિમારીને દૂર ફરમાવ. ખુદાયા, એમનાં ઝરિયે દુશ્મનો પર ફતેહ આ. ખુદાયા, અમારી દુઆઓ કબુલ ફરમાવ.'' - (''દુઆએ ઇફતતાહ'')

એ ઇમામે અસ્ર (અ.સ.) આપનાં ઝુહૂરમાં વિલંબથી અમારા પ્રાણ થઇ રહ્યાં છે. - પણ અમને આપના આગમનનો વિશ્વાસ છે. કાશ ! આ જીંદગીમાં આપને જોઇ લેત? અને અગર જીંદગીએ સાથ ન આપ્યો તો એ ફરઝંદે ઝહેરા (અ.સ.) ! આપનાં ઝુહૂરનાં સમયે રજઆતમાઃ દિદારથી વંચિત ન રાખતા.

હ. ઇમામ મહદી (અ.સ.) ફરમાવે છે.

* ''અમે તમારૂં ધ્યાન રાખવામાં કશી ચૂક નથી કરતા અને તમને દિલમાંથી ભૂલતા પણ નથી. જો એવું થાત તો આપત્તિઓ અને સંકટો તમારા ઉપર તૂટી પડતે અને દુશ્મન તમને કચડી નાખતે.''

* ''જો અમારા શિઆઓ - અલ્લાહ એમને પોતાની ઇતાઅત કરવાની તૌફીક આપે - સાચી અને સંપૂર્ણ મઅરેફતના આધારે પોતાના કોલ - કરાર પૂરા કરવામાં - જેનું પાલન કરવું તેમના પર જરૂરી છે - એક સંપ થઇ જાત, તો અમારી મુલાકાત કરવાનું સદ્દભાગ્ય મેળવવામાં મોડું ન થતે. તેઓને બહુ વહેલા અમારા દિદાર નસીબ થતે.'' (કિતાબ ''દિદારે નૂર'' પાનું ૯-૧૦)